# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૧ | ૩ | ૧૫-૬-૨૦૦૯ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

અમીત વ. પારેખ

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ı ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# લગ્ન - સામાજીક બંધન ? ?

***તંત્રી સ્થાનેથી***

માનવ ઈતિહાસમાં સૌથી મોટી સામાજીક રચના એટલે લગ્ન. માનવ સિવાય આ પૃથ્વી પર કોઈ પણ પશુ પક્ષી કે જીવ લગ્ન નથી કરતો. એટલે લગ્ન એ કુદરતી રચના નહી પણ માનવીની સામાજીક રચના કહેવાય. લગ્ન માટે ઘણું બધું લખાયું છે. દરેક કુંવારો મનુષ્ય લગ્ન કરવા તત્પર હોય છે અને દરેક લગ્ન કરવાવાળો મનુષ્ય જીવનમાં ક્યારેક તો લગ્ન કરવા માટે પસ્તાતો હોય છે. છતાં પણ લગ્ન ન જ કરવા જોઈએ એવું લગ્ન કર્યા વગર કહેવાવાળા બહુ ઓછા મળે છે. અને એમાનાં બહુ ઓછા એ માન્યતાને આજીવન વળગી રહેતા હોય છે.

જીવનમાં બે સંબંધો માનવીના પોતાના બનાવેલા હોય છે. એક પતિ અથવા પત્ની અને બીજો મૈત્રી, જન્મની સાથે મા-બાપ, ભાઈ, બહેન, કાકા, મામા વગેરે સંબંધો કુદરતી મળે છે એની ઉપર એનો પોતાનો કંઈ નિર્ણય કામ નથી લાગતો પણ લગ્ન અને મૈત્રી એનો પોતાનો નિર્ણય હોય છે. આજે લગ્નની વાત કરવી છે. કોરી પાટી જેવો જન્મેલો મનુષ્ય પોતાનું એક અલગ વ્યક્તિત્વ લઈને જન્મે છે. જેમ જેમ મોટો થતો જાય છે તેમ તેમ એ સામાજીક બંધનોમાં જકડાતો જાય છે એનું પોતાનું અસ્તિત્વ ધીમે ધીમે ઓછું થતું જાય છે. એ, મા-બાપની દીકરી કે દીકરો બનતો જાય છે. એ કોકનો ભાઈ તો કોકનો ભાણીયો બનતો જાય છે. સંબંધોમાં બંધાતા બંધાતા એ પોતાનું અસ્તિત્વ (બીઈંગ) ગુમાવતો જાય છે. એ બીજાને રાજી રાખવા પ્રેમ કરે છે, દંભ કરે છે, ખોટું ખોટું હસતો થાય છે અને ખોટા આંસુ પણ સારે છે. સામાજીક વ્યવસ્થામાં ગોઠવવા માટે સામાજીક દ્રષ્ટિએ સારો માણસ બનવા માટે એ પોતાનું અસ્તિત્વ ગુમાવતો જાય છે. પછી

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# ૫૯ મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

તા. ૧-૫-૦૯

ભાઈઓ, બહેનો,

આથી ઉપયુક્ત સંસ્થાના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૫-૭-૦૯ રવીવારે સાંજે ૪ કલાકે સંસ્થાના કાર્યવાહક પ્રમુખ શ્રી પ્રદીપ પ્રવિણચંદ્ર કડકીઆના પ્રમુખ સ્થાને સંસ્થાની ઓફીસે ૧૧૮/૧૨૦, અરદેસર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ-૪૦૦૦૦૪ ખાતે નીચે જણાવેલ કામકાજ માટે મળશે. કોરમના અભાવે મુલત્વી રહેલી આ સભા એજ તારીખે અને એ જ સ્થળે અડધો કલાક બાદ ફરીથી મળશે.

## સભાનું કામકાજ

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી આપવા

૨) શૈક્ષણિક પારિતોષિકોનું વિતરણ

૩) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ ની કાર્યવાહક સમિતિના અહેવાલને બહાલી આપવી

૪) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ ના પુર્ણ થયેલા વર્ષના અનવેષિત હિસાબી નિવેદનને બહાલી આપવી

૫) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટે અન્વેષકની નિમણુંક તેમજ તેમનું માનદ્ મહેનતાણું નક્કી કરવા.

૬) ચૂંટણીના પરિણામ જાહેર કરવા

૭) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે

૮) પ્રમુખશ્રીનું ભાષણ

***મંત્રી - મંજુલ શૈલેષ ધારીઆ***

આવે છે મૈત્રી, મૈત્રી માણસને પોતાનું ખોવાયેલું અસ્તિત્વ ઘણા અંશે પાછું અપાવે છે. ત્યાં કોઈ બંધન નથી. મૈત્રી સજાતીય પણ હોય અને વિજાતીય પણ હોય. ગ્રુપમાં હોય ત્યાં સુધી સ્ત્રી અને પુરુષની મૈત્રીમાં સામાજીક રીતે વાંધો નથી આવતો પણ જ્યારે એક સ્ત્રી અને એક પુરૂષ વચ્ચે મૈત્રી થાય એટલે સમાજ એ મૈત્રીને કંઈક નામ આપવા તત્પર બની જાય છે. સ્ત્રી અને પુરૂષ વચ્ચે ફકત મૈત્રી હોઈ શકે એ સ્વીકારવા સમાજ તૈયાર નથી હોતો. રાધા અને કૃષ્ણાની મૈત્રીને પુજનારો સમાજ પણ આ મૈત્રી સ્વીકારવા તૈયાર નથી હોતો. આપણને કોક કહે કે તમે બે બહેનપણીઓ કે બે દોસ્તારો આજથી આજીવન યુગલ તરીકે સાથેજ રહેશો તો શું થાય ? પણ એક સ્ત્રી અને પુરૂષની મૈત્રીને ‘લગ્ન’નું લેબલ લગાડી દેવામાં આવે છે. સમાજ ફરમાન કરે છે આજથી તમે લગ્ન જીવનમાં બંધાવ છો તમારે બન્નેએ આજીવન ફક્ત એકમેકને પ્રેમ કરવાનો છે. આમ પ્રેયસી પત્ની અને પ્રેમી પતિ બની જાય છે. મૈત્રી લગ્નનું બંધન બની જાય છે. બન્ને જણા પોતાનું અસ્તિત્વ સંપૂર્ણપણે ગુમાવવાના સોગંદ લે છે. પોતાના અસ્તિત્વને લગ્નની વેદીમાં હોમી દે છે. લગ્ન પ્રેમને ફરજીયાત અને કાયમી બનાવી દે છે. જીવનમાંથી શાયરી અને કવિતા છીનવી લે છે. કેટલાં શાયરે પોતાની પત્ની પર શાયરી લખી હશે ? કે પતિ અથવા પત્ની ઉપર કેટલી કવિતા રચાઈ હશે ? કોઈ પણ વસ્તુ કાયમી અને ફરજીયાત બને તો એનો રસ સુકાઈ જાય છે. આપણને ખુબજ ગમતી જગ્યામાં આપણને કેદ કરવામાં આવે તો એ જગ્યા, એ વાતાવરણ એનું આકર્ષણ એજ ઘડીએ ગુમાવી બેસે છે. લગ્ન પહેલાં સહજ કરાયેલી ચેષ્ટાઓ લગ્ન પછી હનીમુનના નામે સામાજીક રીતે સ્વીકાર્ય બને છે. બન્ને જણા પોતાનું બીઈંગ ગુમાવે છે. જીવનમાં સંબંધોનો અવકાશ (Space) ગુમાવે છે. સમાજને સ્વીકાર્ય બનવાના પ્રયત્નોમાં માનવી પોતાનાથી ફરીથી અળગો થતો જાય છે. અમથી અમથી પ્રસંશાને ખોટો ખોટો પ્રેમ કરતો થઈ જાય છે. ઝગડો કર્યા પછી પણ સામાજીક મેળાવડામાં ખુશ દેખાવાનો પ્રયત્ન કરે છે. જુઠુ બોલે છે, દંભ કરે છે. ખોટું ખોટું આશ્વાસન આપે છે અને લે પણ છે કે અમારું લગ્નજીવન સુખી છે. સમાજ આવા દંભને લગ્નની પવિત્રતાના નામે પોષે છે. લગ્ન વગરનો પ્રેમ અપવિત્ર બને છે પણ પ્રેમ વગરનું લગ્ન જીવન પવિત્ર ગણાય છે. લગ્નની આ સામાજીક વ્યવસ્થાને લીધે બીજી પણ ઘણી વાતો બને છે. લગ્ન છે માટે છુટાછેડા છે, લગ્ન છે માટે વૈધવ્ય છે, લગ્ન છે એટલે બાહ્ય સંબંધો છે, લગ્ન છે એટલે અનૌરસ બાળકો છે, લગ્ન છે એટલે કુંતી કર્ણનો ત્યાગ કરે છે, રામ સીતાનો ત્યાગ કરે છે અને દ્રૌપદી પાંચ પતિનો સ્વીકાર કરે છે. તો શું લગ્નની આ સામાજીક વ્યવસ્થા ખોટી છે ? એ ના હોવી જોઈએ ? એને તોડી પાડવી જોઈએ ? ના એને તોડી નાખવાની વાત નથી પણ એમાં જડતા આવી ગઈ છે એને તોડવાની વાત છે. ઉપરાંત જે સ્ત્રી કે પુરુષને આજીવન સ્વતંત્ર જ રહેવું છે જેને જીવનમાં પોતાનું અસ્તિત્વ કોઈપણ સંજોગોમાં બીજાની સાથે ઓગાળવું નથી. જે પોતાની જાતને જ સર્વ શ્રેષ્ઠ માને છે. જે બીજાને પોતાના જેટલું જ માન ન આપી શકતાં હોય એ સ્ત્રી કે પુરુષને આજીવન કુંવારા રહેવાનો હક સમાજે આપવો જોઈએ અને જબરજસ્તી પરણાવી બીજાને દુઃખી કરવાનો મોકો ન જ મળવો જોઈએ. આપણી જ્ઞાતિમાં થોડો બાધ ઓછો થતો જાય છે બાકી આપણી સામાજીક વ્યવસ્થામાં લગ્નનો પાયોજ ધર્મ, જ્ઞાતિ, આર્થિક સમાનતા, જયોતિષ કુંડલી, દહેજ ઉપર રચાય છે. ન્યાતમાં ના મળ્યું ? એવો પ્રશ્ન પુછાય છે. બે વ્યક્તિને આજીવન સાથે રહેવાનું છે, તો એમને જ નક્કી કરવા દો કે કોની સાથે કયારે અને કેવી રીતે લગ્ન બંધનમાં બંધાવવું . દરેક મૈત્રી કદાચ લગ્ન સુધી ન પહોંચે એમાં

પરસ્પર સંમતિ હોય તો એ સંબંધને કલંકિત દ્રષ્ટિએ જોવાનું અને કુથલી દ્વારા ચુંથવાનું સમાજે બંધ કરવું જોઈએ. લગ્ન પછી બધાની નજર નવી આવનાર વહુ ઉપર હોય છે એની દરેક હિલચાલ, બોલવું ચાલવું જોઈને એને મુલવવાનો પ્રયત્ન થાય છે. શું કામ? બન્ને પતિ પત્નીને છુટ આપો પોતાના જીવનમાં એડજસ્ટ થવાની. બે અજાણી વ્યક્તિને સાથે રહેવાનું ફરમાન કર્યું. એ બેની વચ્ચે પ્રેમ પાંગરવા માટે સમય તો આપો, બે વચ્ચે મૈત્રી તો રચાવા દો. મા, બાપ, સગાસંબંધીઓ એમાં પણ માથુ મારતાં હોય છે. હજી તો લગ્ન ને ચાર છ મહિના થાય ને પુછપરછ શરૂ થઈ જાય ક્યારે ગુડન્યુઝ આપો છો? અરે હજી બે જણ એકબીજા સાથે ઐકય ન સ્થાપી શકયા હોય તેમાં ત્રીજાનો ઉમેરો? પણ ના, એ પણ સમાજ નક્કી કરે. એક બે વર્ષમાં કંઈ ન્યુઝ ના આવે તો ફરી ચર્ચા શરૂ, ઉપાયો બતાવવાના શરૂ, દરેક સગાંઓને દાદા, દાદી, નાના, નાની, મામા, ફોઈ બનવાની ઉતાવળ હોય પણ યુગલને નક્કી કરવા દો. કે એ મા બાપ તરીકેની જવાબદારી સ્વીકારવા તૈયાર થયા છે? બાળક બે વ્યક્તિ વચ્ચેના સંભોગનું નહી પ્રેમનું પરિણામ હોવું જોઈએ. દંપતિએ આ પણ વિચાર કરવોજ જોઈએ લગ્ન પછીનો ત્રણેક વર્ષનો ગાળો ખુબ મહત્વનો હોય છે. આ ગાળામાંજ નક્કી થતું હોય છે કે આપણે બન્ને આજીવન સાથે રહી શકીશું? બાકી બાળકની ઉતાવળ કરનાર આજ સમાજ વિષમ સંજોગો ઉભા થાય તો દોષ દંપતિનેજ દેશે. ફાવતું નહોતું તો છોકરું શું કામ થવા દીધું. લગ્ન જીવનમાં સાથે રહેવા, સતત સાથે રહેવા એકબીજાને પોતાનો સ્વતંત્ર સમય (સ્પેસ) મળવો જોઈએ, એડજસ્ટ કરવું, સહનશીલતા રાખવી, ચલાવી લેવું, એકમેકને ગમે એ રીતે બદલાવું એ બંન્ને પતિપત્નીનું કર્તવ્ય છે. લગ્ન સંસ્થાનો સ્વીકાર કર્યો પછી એને આજીવન નિભાવવાની, હસતાં રમતાં ખુશી ખુશી વિતાવવાની જવાબદારી પણ સહજ રીતે સ્વીકારવી જોઈએ. લગ્નજીવન વાસી ન બની જાય, બંધન ન બની જાય, બંન્નેનું પોતાનું વ્યક્તિત્વ જળવાઈ રહે એવા પ્રયત્નો બંન્નેએ કરવા જોઈએ. આ બધું કર્યા પછી બધાજ પ્રયત્નો પછી જો દંપતિ નક્કી કરે કે અમારે છુટા થવું છે તો છુટાછેડાની ગરિમા પણ સમાજે અને દંપતિએ બન્નેએ જાળવવી જોઈએ, અને સામાજીક ચર્ચાનો વિષય બનાવી આક્ષેપબાજીમાં ન અટવાવું જોઈએ. છુટાછેડાને ગુનાની દ્રષ્ટિએ ન જોવું જોઈએ, કોનો વાંક છે એ નક્કી કરવામાં ચડસાચડસી કોર્ટ કચેરીનો માનસિક ત્રાસ, કારણોનું વિશ્લેષણ દંપતિના મનમાં એટલું ઝેર ભરી દે છે કે પછી બાળકો હોય છતાં પણ દંપતિ એકબીજાને મળી નથી શકતાં આપણી સમાજ વ્યવસ્થામાં ભોગવવાનું અંતે સ્ત્રીને જ આવે છે. સ્ત્રીની કુદરતી રચના જ એવી છે અને સામાજીક રચના પણ એની વિરુદ્ધ છે. પુરુષને કદી જવાબદારી નથી આપી આ સમાજે. અહીં કુવારી માતા ધૃણાની દ્રષ્ટિએ જોવાય છે, કુંવારા બાપને નહીં. લગ્નજીવનમાં દુ:ખી થઈને પણ નિભાવી જનાર સ્ત્રીઓને સતીનો દરજ્જો મળે છે. ઈતિહાસ જુઓ સીતા, મંદોદરી, ગાંધારી, બધી સતીઓમાંકઈ સ્ત્રી સુખી હતી પણ એમણે એમના પતિઓને છુટાછેડા ન આપ્યા એટલે સતી કહેવાઈ.

છુટાછેડા એ લગ્નજીવન સાચવવાના બધાજ પ્રામાણિક પ્રયત્નો નિષ્ફળ જાય પછી તો ના છુટકે લેવાતો નિર્ણય હોવો જોઈએ આ માટે બન્ને પતિ પત્ની એ સાચા અર્થમાં પોતાની જાતને ઓગાળીને, અહંમને ઓગાળીને સાચા દિલથી એક થવાં પ્રયત્ન કરવો જોઈએ. બાળકો હોય એ સંજોગોમાં પોતાની શક્તિ કે સહનશીલતાની હદ વટાવીને પણ પ્રયત્ન કરવો જોઈએ પણ પછી સમાજે પણ સ્વીકારવું જોઈએ કે લગ્નના રિવાજની સાથે સાથે છુટાછેડાની વ્યવસ્થા પણ સહજ હોય, એમાં છુટી પડેલી વ્યક્તિઓને કલંકિત દ્રષ્ટિએ ન જ જોવાય.

- ***નિખિલ પરીખ***

# જીવનનું સરવૈયું.....

**આવો જીવનની ચડતી પડતીની વાત કરીએ**
**મળેલાં સુખોને યાદ કરીએ,**
**પડેલાં દુઃખોને બાદ કરીએ.**
**બાળપણમાં મળેલાં મિત્રોને યાદ કરીએ**
**ઈર્ષાથી સળગેલાં સ્નેહીને બાદ કરીએ.**
**યૌવનની છૂપી મીઠી મુલાકાતોને યાદ કરીએ,**
**ને હાથમાં સરકેલાં પાલવને બાદ કરીએ.**
**પ્રોઢાવસ્થાની મધુરી મુંઝવણને યાદ કરીએ,**
**પારકી મિલકત પર આવતાં પ્રેમને બાદ કરીએ.**
**જીવનમાં મીઠા મધુરાં અંતીમ તબક્કામાં**
**મેળવેલ સિદ્ધીઓને યાદ કરીએ,**
**પારકા કે પોતાનાથી થતી ઉપેક્ષાને**
**કાયમ માટે જીવનમાંથી બાદ કરીએ.**

***- રાજેષ કડકીઆ.***

જો તમારે સત્ય અનુભવવુ હોય તો કોઈના માટે અથવા કોઈના વિરૂધ્ધ વિચારોને તીલાંજલી આપો. કોઈના માટે ગમવા-નગમવાનું તેની ખેંચતાણ એક મનનો રોગ છે. જ્યારે પ્રકાશ પામેલા બોલે છે તેને તમે સાંભળો પણ તેનો અર્થ તમે ન કાઢતાં તેનો ભાવાર્થ સમજો જેથી તમારાં અંધકારમય મનમાં પ્રકાશ આવશે.

માનસીક રોગએ તંદુરસ્તી નથી કારણકે મન હંમેશા ભાગલામાં માને છે. ગમતું સ્વીકરવું તે મનની ક્રિયા છે. જીંદગી એક ગતિ છે અને મન એક ભાગલાવાદી છે ને તે તેનો સ્વભાવ છે.

જ્યારે મન વિચાર રહિત હોય ત્યારે ત્યારે આપ શુધ્ધ વાતાવરણમાં સત્યને અનુભવી શકો છો. ત્યારે સર્વે રોગો નષ્ટ પામે છે.

જીંદગીને આપ જેમ છે તેમજ સ્વીકારો, ગમતા ન ગમતાને છોડો. જો તમારે મૌન અને શાંતી જોઈતી હોય તો આરામ ફરમાવો. જે બને છે કોઈપણ જાતનું દબાણ ન લાદો દબાવ લાદી શકાય પરંતુ અજાગૃત મન પર દબાણ લાદી શકાય નહી. જ્યારે આપણે આરામ કરીએ છીએ ત્યારે અહંમ ન હોય ત્યારે પ્રકાશ આવે છે.

આપણે જાણીએ છીએ કે આ દુનિયાને સમૂળગી બદલી શકાતી નથી. જે ચીજ બદલી શકાય છે તે આપ સ્વયં પોતે જ છો. આપણી અંદર સમસ્ત દુનિયા છે. તેથી આપણી જાતને સ્વયંને બદલવું ખૂબ મુશ્કેલ છે. જો આપ આપને સ્વયં બદલી શકશે તો આપ પ્રકાશ પામશો. જ્યાં સર્વે સમ છે ત્યાં સમાઈ જવું ઈષ્ટ છે. દીર્ઘ દ્રષ્ટિવાળા અભિપ્રાય અને પૂર્વગ્રહરહિત મનુષ્યો પ્રકાશને જલ્દીથી પામે છે.

જાગૃતતા સાથે કરેલાં કાર્યની સચ્ચાઈ જલ્દીથી પ્રાપ્ત થાય છે, અને કાર્યો સરળતાથી થવા માંડે છે. કાર્ય કરવું સારૂં છે પરંતુ આપની વિચારધારા આપને ગોળગોળ ફેરવશે અને તમને ક્યાંય લઈ જશે નહિ. કોઈપણ જાતની વિચારધારાનાં ચક્રવ્યૂહમાં ન ફસાતાં વધારે જાગૃત અને સત્યતામાં સતત રહેવું આ જ ધ્યાનની કળા છે. વિચારધારા કદિય વર્તમાનમાં હોતી નથી તે સત્યથી વેગળી જ રહે છે.

સત્સંગ એટલે સત્યની સાથે હોવું. સત્ય ફીલોસોફી નથી તેતો અસ્તિત્વનો અનુભવ માત્ર છે. તે કોઈ વિચાર કે લાગણી નથી તેતો તમારાં અસ્તિત્વ જોડે, હયાતી જોડે સંકળાયેલ છે.

વિચાર ન કરવો તે દ્વાર છે, શબ્દોના બોલવા તે દરવાજો છે મનને છોડો અને મનની દખલગીરી છોડો અને વધારે જાગૃત થાવ. આ પળમાં તમારી એકતા ભેગી કરો.

# મન ની વાણી

સંત શિરોમણી તુલસીદાસે રામાયણમાં કર્મની પ્રધાનતા બાબત લખ્યું છે 'કર્મ પ્રધાન વિશ્વ રચિ રાખા જો જસ કરા સો તસ ફલ ચાખા'. આ સંસાર કર્મભૂમિ છે. કર્મોથીજ કર્માનુસાર ભાગ્યનું નિર્માણ થાય છે. પણ માણસ કર્મ ક્યારે કરે ? જ્યારે તેના મનમાં કોઈ ઈચ્છા હોય. ઈચ્છા હશે તો લક્ષ્ય હશે અને તે લક્ષ્યની પ્રાપ્તિ માટે પ્રયત્ન પણ કરવાજ પડશે. જો મનમાં કોઈ ઈચ્છાજ ન હોય તો કર્મ શા માટે ? માણસની ઈચ્છાઓજ તેને કર્મ કરવા માટે પ્રેરિત કરે છે. ખેતરમાં કાંઈ વાવ્યું જ ન હોય તો શું ઉપજે ? કર્મશીલ થવા માટે મનરૂપી ખેતરમાં ઈચ્છા રૂપી બીની વાવણી જરૂરી છે. એ સત્ય છે કે માણસની દરેક ઈચ્છા પૂરી થતી નથી. અમુક ઈચ્છાઓ સંજોગવશ જાતેજ દફન થઈ જાય છે અને સમુહ ઈચ્છાઓનું કોઈ ને કોઈ કારણસર દમન કરવું પડે છે. જે ઈચ્છાઓની પૂર્તિ માટે પ્રયત્ન કરવામાં આવે છે તેમાં પણ સમુહને જ આંશિક કે પૂર્ણ સફળતા મલે છે. પણ એનો અર્થ કદાપિ એ નથી કે અકર્મણ્ય થઈને બેસી રહેવું. ઈચ્છાઓ મુખ્યરૂપે બે પ્રકારની હોય છે. સારી અને ખરાબ. બાવળના ઝાડથી કેરીઓ મલવાની આશા તો નજ કરી શકાય. બાવળથી તો કાંટા જ મલવાના માટે મનમાં સારી ઈચ્છાઓ ને સ્થાન આપી લક્ષ્ય પ્રાપ્તિ માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ લક્ષ્ય વિહીન કર્મ રહિત જીવન તો નિરર્થક છે.

મનનાં મૂળમાં જાણકારી તો છે જ આપણે છેવટનું જે પામીએ છીએ તે સમજણથી પામીએ છીએ, જો તમે મનનો સ્વભાવ જાણોતો શાસ્ત્રો સહેલાઈથી સમજી શકશો. મન હંમેશા સત્ય સાથે છે. બધી શોધ મનમાંથી આવે છે. તમે અભિપ્રાય બાંધો અભિપ્રાય સત્ય નથી કારણકે મનમાંથી ઉદ્ભવે છે તમે મન અને અભિપ્રાયને ત્યજી દો કારણકે અભિપ્રાયની જાડી દિવાલોમાંથી સત્ય સુધી પહોંચી શકતું નથી.

મન દુનિયાને ઉપજાવે છે અને દુનિયા મનને મન જયાં જેમ છે તે ત્યાં તમે રહેવા દો. આ એક ગોળ ફરાવવાની મનની ક્રિયા માત્ર છે. તમારાં અંતરાત્મામાં તમે જેવાં છો તેવાં જ રહો છો. તેથી મનને બદલો અને સમસ્ત દુનિયા બદલાઈ જશે. મનને અહીંજ અને આપળમાં જીવવા દો કારણકે પળ ન બદલી શકાય તેવી કાયમની આનંદી છે.

આપણે સ્વાનુભવે સમજયાં છીએ કે ઘણી વખત દુઃખ મન જ ઉપજાવે છે, પણ તે સત્યનો સામનો કરી શકતું નથી. તે ફક્ત સ્વપ્નો વિચારી શકે છે. સ્વપ્નો તમોને કશુંય પ્રાપ્ત આપી શકતાં નથી. કારણકે જ્યારે તેઓ હકીતની સામે આવે છે ત્યારે સ્વપ્નો લાવવાની મનની ભ્રમણા અને માયા જેથી દુઃખ, સ્વપ્નો તૂટવાથી મનની ભ્રમણા ભાંગવાથી માયા નષ્ટ પામે છે. તમારો અહંમ્ પોષાય છે માટે ગમે છે.

*- બી.એસ.ગાંધી (કાનપુર)*

**મળવું કયાં શક્ય છે ? સુખમાં...આપણે કોઈને મળવા નો'તા માંગતા. દુઃખમાં કોઈ આપણને મળવા નથી માંગતું !**

## બાલાસિનોરનું ગૌરવ

લાયનસ્ કલબ ઈન્ટરનશનલ, ડિસ્ટ્રીકટ ૩૨૩-એ૧, વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માટે મયંક નવનીતલાલ કડકીયા (બેરા)ની નિમણુક (Micro Cabinet Member) Addl. Cabinet Secretary તરીકે કરેલ છે. અમારી હાર્દિક શુભેચ્છા

# શ્રધ્ધા સુમન-મંગલા ચરણ

મંગલ આચરણ જેનું હોય એની શ્રધ્ધા બળવાન હોય, અને તો જ તેને આચરણમાં મૂકી શકે. શ્રધ્ધાના સુમન હૃદયના બગીચામાં ખીલે, પરંતુ તેને તો મંગલ આચરણ સહ પ્રભુજીના ચરણે ચઢાવાના છે. બનાવટી ફૂલોની જેમ ફક્ત શોભાયમાન જ નથી રાખવાના. બનાવટી ફૂલોને આકર્ષક રંગ અને શોભા જ હોય છે. જ્યારે શ્રધ્ધાના ફૂલોની અનેરી ખુશ્બુ, સુગંધ સહ પ્રભુના ચરણોમાં અનેરું સ્થાન હોય, અને પ્રભુજીને પ્રિયકર બનાવા માટે હૃદય બાગને ખાતર પાણીથી સીંચવાનો છે.

હૃદયબાગને ખાતર પાણીના સીંચન કાજે પહેલું તો નિર્મળ મન જરુરી છે. ઉદારતા સહ દયા દિનતા એ દૂજે આવે અને તો જ પ્રભુ કૃપાની મહેર ઉતરે. હૃદયના બગીચામાં શ્રધ્ધાના સુમન ખીલે કયારે? એમાં મહેર તો પ્રભુજીની અને વાસ પણ પ્રભુજીનો જે હૃદયાંના આવાસે શ્રીજી વસતા હોય એને પ્રભુજીને મળવા, મેળવવા દોટો કાઢવાની જ ન હોય. નિકટતમ વસે ઠાકોરજી તેને આજુબાજુ અહીંયા તહીંયા મંદિરીયામાં શોધવા જવું જ ના પડે. ઠાકોરજીની સુસંગતિ તમારા નિર્મળમનની મોહીની બની રહે. મન, વચન, કર્મણા સ્થિત પ્રભુજીની મહેર વરસતી રહે.

આ બધું ફક્ત માનવ જીવનને દૂર્લભ હોય છે અને આ માનવ જન્મ ફેરાની અત્યેષ્ટિએ પ્રાપ્ત થાય છે. 'લખ ચોર્યાસીના ફેરા ફરતે મળીયો અમુલખ માનવ દેહ' માનવ જીવનની સાથે અમુલ્ય એવી બુદ્ધિ મળી છે ગીફટમાં આ ગીફટેડ બુદ્ધિની સહી દિશાએ દોરવણી થાય એ જ શ્રધ્ધા સુમનને મહેકતાં રાખી શકે.

આપણા વડેરાઓ ઠાકોરજીનાં મંદિરમાં લગ્નનના મુર્હુત જોવાય. તે માન્ય રાખતા આખોય દિવસ લગ્નનો પવિત્ર ગણાય. કર્તા હર્તા પ્રભુજી જ છે. લાખ કરો તો એ પ્રભુજી સિવાય પાંદડું ય ફરકતું નથી. વ્હાલસોયી વ્યક્તિ સ્વર્ગે સિધાવે અને આપણે જોતાં જ રહીએ છીએ. લાખો ખર્ચો તોય તેમાં પ્રાણ પુરાતા નથી. દિવસ, રાત, સાંજ, મોસમ સર્વેના પ્રણેતા પ્રભુજી જ છે. તમારો હર શ્વાસ પ્રભુજીને આધીન છે. માનવી માત્ર સૂન્ય જ છે.

''હું કરું હું કરું, સકટનો ભાર જેમ શ્વાન તાણે'' પ્રભુજીને માનવ દેહની રચના જ એવી કરી છે 'હાથ પેર દીની પસાર, શ્રવણ સુનત, જીવ્હા સુમિરત, અખિયાં ભરી જયોત પ્રકાશ' પુરુષાર્થ કાજે પંચેન્દ્રિય અને બુદ્ધિ ભરી પ્રકાશ' આમ પુરુષાર્થ કરવાને ઈંદ્રિય આપી, મન, બચન, કર્મણા, સ્થિત શ્રીજી સ્થિતયજ્ઞ ખંડો દૂરથી નિહારે છે. મરક મરક મલકાતો જાય અને માનવી માત્રના કર્મોને તોલતો જાય. અહીંયા આપણી શ્રધ્ધા સુમન ખીલે કે મુરઝાય? એની તુલના આપણે જ કરવાની છે? આપણું ભણતરનું ચણતર અને એનો પાયો? આપણે જ સમીક્ષા કરવાની છે. કરોડો રૂપિયાની દવા પણ આપણી વ્હાલસોઈ વ્યક્તિને બચાવવા માટે નિષ્ફળ છે. ડૉકટરો પણ હાથ હેઠા મેલે છે. પ્રભુજી એક એવી અનમોલ શક્તિ છે. આખીએ દુનિયાનું ચક્ર ચલાવનારો એક જ સુત્રધાર છે. મૃત્યુથી બચવા તમે ઘરમાં પૂરાઈ રહેશો તો પણ તે તેના નિર્ધારીત સમયે આવીને ઉભુ જ રહેશે. એક બાળક છ થી આઠ વર્ષની વય, અગાશીમાંથી પડયું વચ્ચે એક ઉભો લોખંડનો સળિયો જાડો તે પડતાં બાળકની કમર અને છાતીની આરપાર નીકળી ગયો, તેની જીંદગી મૃત્યુને જીવન વચ્ચે ઝોલાં ખાતી હતી પરંતુ પ્રભુની નિર્મતીથી ડૉકટરોના પ્રયત્નથી તેની જીંદગી બચી ગઈ અને તે ભય મુક્ત બની ગયો, વિચારો કે જીવન અને મૃત્યુનો સુત્રધાર આપણો વ્હાલો ઠાકોરજી જ. શ્રધ્ધાને ડગાવો નહિ. નિયતીનો નિર્ધાર, ચક્રધાર, સુત્રધાર, દૂર ઉભો મલકાય નહી તો શું કરે? ઈશ્વરની સેવા તો દરેક ઘરમાં

થતી હોય છે પુષ્ટિમાર્ગી વૈશ્નવો ઠાકોરજીને નમે છે આ તો વિચારો મારા શ્રધ્ધા સુમન ખીલતાં રહે પ્રભુ ચરણોમાં ચઢતાં મંગલા ચરણ બને એ દિવ્યતા નિહારવાની ખેવના અને પ્રભુજીની અમોલખ શક્તિના માપદંડ શાને ? પરીક્ષાના પેપર આપણે લખીએ પરંતુ તપાસનાર શિક્ષક જ એનું માપ દંડ એટલે માકર્સ મૂકે તે જ રીતીએ ઈશ્વર આપણા સકર્મક (પેપર) કાર્યનો ગુણાંક મૂકી શકે. આગળ કહયું તેમ નિરાકાર અજન્મા એવા ઠાકોરજીની પાસે સૂન્યની ગણના માનવીની છે. સાયન્સના કેટલાંક ફૂટ સ્ટેપ ચડો, કોમ્પ્યુટરના યુગમાં વિહરો પરંતુ ઈશ્વરીય દેણ પંચેન્દ્રિય પરે બુદ્ધિ જે આપણને પ્રભુજી પાસેથી જન્મગત બક્ષિસ મળેલી છે એ પણ આખરે તો પ્રભુજીની પરિસત્તા ડૉકટર બનો કે સાયનટીસ્ટ કે પછી એન્જીનીયર કરોડો કમાવ કે ઓછું પરંતુ કર્મના મોલ તોલ તો પરમ બ્રહ્માંડનો અધિપતિ પરિસત્તાનો સુત્રધાર આપણો પ્રભુજી જ છે. આપણા હૃદયબાગમાં શ્રધ્ધાના સુમન ખીલવો, પ્રભુચરણોમાં ધરી મંગલા ચરણ કરો અને તમારું જીવન પણ મંગલ આચરણ કરી પ્રભુજીની પ્રીતી મેળવવા સદ્‌ભાવી બનો. પ્રભુજીની પ્રીતીમાં રમમાણ થતાં જીવન જીવ્યાની સાર્થકતા અનુભવશો. અનમોલ માનવ જીવન સફળતાના શીખરે પહેલ કરશે. આજના કોમ્પ્યુટર યુગમાં આપણે પાછળ રહીએ એ વિદીત નથી. દુનિયાની સંગતીએ રહેવું છે. પરંતુ આ કોમ્પ્યુટર માઈન્ડ માટેની બુદ્ધિ પણ આપનાર આપણો ઠાકોરજી. પ્રભુજીને માને છે સારી રીતે તો પછી શ્રધ્ધામાં દુવિધા શાને ? તમે બુરાઈ કરો કે ભલાઈ, કુકર્મ કરો કે સુકર્મ ઈશ્વરને પણ તમારા કર્મની તુલના માટે તમારી પાછળ દોડવું પડે છે ? આપણા વિવેકાનંદ, બુદ્ધદેવ, ગાંધીબાપુ, નાનપણથી જ સુસંસ્કૃત વિચારોથી તોલાયા. તમે પણ બાળપણ, જુવાની વટાવી કદાચિત આગળ નીકળ્યા હશો, ભણતરના ગણતર અને ચણતરમાં શ્રધ્ધા સુમન મુરજાય, શ્રધ્ધા ડગે એ શું સમજાવે છે. શ્રદ્ધા સહ એક જ સુવાક્ય મન ધરો "God does every thing for our good" પ્રભુજી કરે સો ભલી કરે' સેવાના ભાવ હૈયે વસાવો. પ્રભુજીને હાથ સોંપી દો તમારું જીવન ચક્ર જન્મ લેતાં જ માના થાનમાં દૂધની ધાર ભરનારો, બાલાપણ, કુમારાવસ્થા, જુવાની અને ઘડપણ આ અવસ્થાથી તમે બાલાપણ કે જુવાનીને પકડી નહી રાખી શકો. દિન વિતતાં ઘડપણના ઉંમરે આવીને ઉભા રહેશો. માટે મંગલ આચરણ સહ. પ્રભુજીના નામ સ્ત્રોતથી પ્રભુજીને જીતી લેશો. શ્રધ્ધાના સુમન હૃદય બાગમાં ખીલવોને પ્રભુજીના ચરણે ચઢાવતાં રહો. 'હોની કો કોન ટાલ શકતા હૈ'. 'હોની હો કર રહેતી હૈ.'

બાકી તો શ્રદ્ધા સહ પ્રભુજીને નમન થાય, પ્રભુજીને યાદ કરશો તો ? 'યાદ'નો ઉંધો અક્ષર 'દયા', પ્રભુજીની દયા મેળવશો કૃપા દ્રષ્ટિ, અમીદ્રષ્ટિથી પ્રભુ તમારી તરફ નીહારશે જ.

વિધાતાના લેખને ફેરવી શકીએ એવા આપણા કર્મ હોવા જોઈએ કહેવત છે કે 'લખ્યા લેખ મિથ્યાના થાય' પરંતુ આપણા કર્મનું સત એવું હોય કે દેવી વિધાત્રી અને ઈશ્વર પણ ભક્ત આગળ નમી પડે. શ્રધ્ધા સુમનને ખીલવશો તો પ્રભુ રીઝતો રહેશે. હજારો શાસ્ત્ર લખાય અને સાયનટીસ્ટોની શોધ પરંતુ પાંદડું તો પ્રભુથી જ હલે. મડદામાં જીવ નથી નાંખી શકતાં, લોહી નથી બનાવી શકતાં. ધરો તો જીવો એક આપણા શ્રીજીબાબાનું જ શરણું. પરંતુ શ્રદ્ધા સાંચી ખીલવો ને શ્રદ્ધા સુમન પ્રભુ ચરણે ધરો. લાખ પ્રયત્ન છતાં માનવીના હાથ હેઠા જ પડે છે. હૈયે અનેરી શ્રદ્ધા ધરશો પ્રભુજી તમ કાજે દોડી આવશોને હાથ પકડશે. અજમાયશ કરી જોજો.

***ઉષા ધારીયા***

# મને છેલ્લા ચાર-પાંચ રવિવાર થી સવારની ચા પીવામાં 'મુડ' જ નથી આવતો

હોં...હોં...જો...જો...એમ ના માનતા કે અમારા શ્રીમતિજીની 'ચા' ટેસ્ટી મસાલેદાર નથી બનતી. 'ચા' તો બહું જ ટેસ્ટી બનાવે છે પણ...! આજકાલ અમારા પડોશી ચંપકકાકા ને મળે એકાદ મહિના જેટલો વખત પસાર થઈ ગયો અને મહિનાથી તેમની સાથે બેસીને 'ચા' પીધી નથી ને! એટલે 'મુડ' જ આવતો નથી આમ પણ અમારે રવિવારે કે રજાના દિવસ સિવાય મળવાનું બને જ નહિ. હું સવારના નવ વાગે નીકળી જાવું ત્યારે તે અગિયાર વાગે નીકળે. હું રાતના સાડાસાતે આવું ત્યારે એ દશ વાગે આવે.

આજ થી ત્રણ દિવસની રજાઓ છે અને ચંપકકાકા મળશે નહિ તો ત્રણ દિવસ કાઢવા ભારે પડશે. ચાલ ત્યારે કાકાની ઘરે જઈને તબિયતના સમાચાર તો કાઢતો આવું. હજી તો સવારની ચા પીતા-પીતા આવો વિચાર કરતો હતો ત્યાં તો ડોરબેલ રણકી ઉઠી. મેં શ્રીમતીજીને કહયું જરા દરવાજો ખોલજોને છાપાવાળો આવ્યો લાગે છે. ત્યાં તો રસોડામાંથી 'એટમબોંબ' ફૂટયો.

કેમ! તમે શું કરો છો? અત્યારે કયો કરોડોનો વેપલો કરવાં બેઠા છો! હુકમ કરો છો તો શું તમારા હાથ-પગ નથી ચાલતા? કેમ કંઈ તમારાથી દરવાજો ના ખોલાય?

'નારી-નારાયણી! તેની સામે આપણે શું બોલી શકીયે? આપણે તો ભઈ સુરસુરીયા જેવા! મૂંગા-મૂંગા ઉભા થયા અને દરવાજો ખોલ્યો તો! આશ્ચર્ય! 'શયતાન ને યાદ કરો અને શયતાન હાજર! તે જ 'શયતાન' ચંપકકાકા સામે ઉભા ઉભા મરક મરક હસતા હતા. આપણો તો 'મુડ' તેમને જોઈને જ 'ઓવરમુડ' થઈ ગયો. અરે!કાકા! આવો..આવો..કયાં હતાં? તમારા વગર તો મારી આ રજાઓ વેરણ બની જાત.

સુરેશભાઈ! ઘરમાં તો આવવા દેશો કે નહિ? આપણે શાંતિ થી પછી વાત કરીશું. જરા ભાભીને 'જય શ્રી ગોકુલેશ' તો કરી આવવા દો.

હા...હા...જરા મળી આવો અને 'મસ્કો' પણ મારતા આવજો એટલે તમારી 'ચા'નું પતી જાય.

ભાભી મજામાં છોને? તબિયત તો સારી છે ને? આમ કેમ સુકાઈ ગયેલા લાગો છો? સમજ્યો! રજામાં મારા ભાઈ તમને બહારગામ હવા-ફેર માટે લઈ જવાના નથી તેથી. કેમ ખરુને?

કાકા એવું નથી. ગરમી અને ઉપરથી રસોડાની ગરમી! એમાં ઘરનું કામ કાજ! એટલે જરા થાકી ગઈ છું તેથી તમને એવું લાગે છે.

કેમ કંઈ ઘણા વખતે દેખાણાં! ચા પીશો ને?

ના..ના..ભાભી એક તો તમે ગરમીમાં બફાઈ ગયાં છો ને ચા મૂકવાની વાત કરો છો.

અરે! ચા મારે ક્યાં બનાવવાની છે.

કેમ? મારા ભાઈ બનાવવાના છે? ક્યાર થી સુધરી ગયા?

મારા એવા તે કેવા ભાગ્ય કે તમારા ભાઈ હાથ-પગ હલાવે અને મને ચા પીવા મળે! આ તો સવારની અમારી ચા સાથે બાઈની પણ એક કપ ચા બનાવી રાખી હોય ને! તે ચા તમને ગરમ કરીને હમણાં જ આપું છું. બેસો! તમારા ભાઈ સાથે ત્યાં સુધી ગપ્પાં મારો.

હાશ! શાંતિ થઈ મને તો એમ જ હતું કે હમણાં બીજો ' એટંમબોંબ' ફૂટશે.

કાકા! ઘણા વખતે દેખાયા.

હમણાં હમણાં હું રોજ રજાના દિવસોમાં સવારથી શેઠની ઘરે જતો હતો. માર્ચમાં વર્ષ પુરુ થાય એટલે ચોપડામાં બધુ સુલટાવાનું હોયને!

સુરેશભાઈ, આ આપણો નિખિલ!

આપણો નિખિલ! ક્યાંથી આવ્યો? મારા છોકરાનું નામ નિખિલ નથી એ તો તમને ખબર છે અને મને ખબર છે ત્યાં સુધી તમારે ત્યાં કોઈ નિખિલ નથી. વાત તો પૂરી કરવા દો. આપણો નિખિલ એટલે નિખિલ પરીખ,

'જ્યોતિ-પુંજ'નો 'લાડલો' તંત્રી.

તમે તેને ક્યારે મલ્યા?

હું મલ્યો નથી. ઘરે આવતા 'જ્યોતિપુંજ'માં તેના લખેલા દરેક તંત્રી લેખ વાંચું છું. છોકરો બહું જ યોગ્ય અને સરસ તંત્રી લેખ લખે છે.

ન જાણે ક્યાં ક્યાંથી 'ટોપીક' તેના ભેજામાં આવે છે? બધાજ સમાજને અનુસરીને જ હોય.

અરે! વાહ! કાકા! એકદમ નિખિલના વખાણ કરવા લાગી ગયા. કોઈ કારણ? ઘણી બધી હસ્તીઓ પોતાની કવિતાઓ લેખો-મુકતકો લખે છે તે બધા નથી વાંચતા. તે પણ સરસ હોય છે.

વાત પૂરી પૂરી સાંભળ્યા વગર તમને હંમેશા વાતનું વતેસર કરવાની ટેવ પડી ગઈ છે. ભાભી બરાબર જ કહે છે.

સોરી, શું કહો છો બોલો.

ઠીક છે-મારે નિખિલ ને એક રીકવેસ્ટ કરવી છે.

મેં ત્રણેક જ્યોતિપુંજના તંત્રી લેખમાં વાંચ્યું હતું કે તેણે ભગવાનનો ડાયરેકટ કોલ આવ્યો હતો. મને લાગે છે કે ભગવાને જ્યોતિપુંજ માંથી એનો નંબર લઈને તેણે ફોન કર્યો હશે. ભગવાને ત્રણ-ત્રણ વાર નિખિલનો કોન્ટેક કર્યો એનો મતલબ કે તેણે પણ હવે ભગવાન સાથે ડાયરેક્ટ લાઈનનું કનેકશન થઈ ગયું હશે.

કાકા! નિખિલ ને હું બરાબર ઓળખું છું. તેણે જાગતાં-ઉંઘતા રખડતા તંત્રી લેખના વિચારો જ તેના મનમાં ઘુમરાયા કરતા હોય છે. ટ્રેનમાં હોય કે બસમાં! કોઈ લીમીટેડ કંપનીની ઓફીસમાં હોય કે પોતાની ઓફીસમાં! તેની કલમ પાણીના રેલાની જેમ હંમેશાં વહેતી જ રહે છે.

મને એ જ ખબર નથી પડતી કે ભગવાનને તેણો વારંવાર શા માટે કોન્ટેકટ કરવો પડયો. લાગે છે સ્વર્ગમાં પણ 'જ્યોતિપુંજ' જેવું મેગેઝીનનું પ્રકાશન જતું હશે પણ કોઈ સારો તંત્રી નહિ મળતો હોય એટલે ભગવાન તેણે 'મસ્કા' લગાવતા હશે. નિખિલ તેની લાગવગ લગાડીને ભગવાનને બાલાસિનોર નવયુવક સંઘની જનરલ બોડી મિટીંગમાં બોલાવે તો મારે થોડા પ્રશ્નો પુછવા છે. અમારા દેશમાં મોંઘવારીના દિવસોમાં જીવવું ભારે પડી ગયું છે. નેતાઓ પોતાના ગજવા ભરવા સિવાય કંઈ કરતા નથી તો આપ કંઈક 'ચમત્કાર' અમારા નેતાઓ ને બતાવોને. ભારત ભ્રષ્ટાચારી તથા ગુંડાગીરીનું રાજ થઈ ગયું છે. તો તમે શા માટે તમારો કોરડો વિંઝતા નથી? ભારતવાસીઓને તમારા સિવાય કોઈ બચાવે એમ નથી. ભારતમાં જ જનસંખ્યા કેમ વધારતા જાવ છો? કેમ? બીજા દેશો એ કંઈ ગુનો કર્યો છે?

બસ...બસ...કાકા! આ તો નિખિલે તેને આવેલા સ્વપ્નાં વિષે લખ્યું છે.

હું તો ભગવાનને પ્રાર્થના કરું છું કે 'હે ઈશ્વર અમારા પ્યારા લાડલા-બાલાસિનોરના સુપુત્રને વારંવાર સ્વપ્નામાં ફોન કરીને હેરાન ના કરતાં અમારે 'જયોતિપુંજ'ના ૧૦૦ વર્ષ ઉજવવાના છે.

-સુલપ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

**શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) પુરુસ્કૃત**

# વસ્તી પત્રક ૧૦ મી આવૃત્તિ

અમો આપ સૌનો આભાર વ્યક્ત કરીએ છીએ. તમારા સાથ અને સહકારથી અમો સમયસર ફોર્મ મેળવી શકયા છે.

વસ્તીપત્રકની ૨જી ડમી બુક તા. ૩૦-૬-૦૯થી ૨૦-૭-૦૯ સુધી નીચે જણાવેલ સ્થળો પર મુકવામાં આવશે. તો દરેક જણને વિનંતી કે પોતાની વિગતો વ્યવસ્થિત તપાસી લે અને જો કોઈ ભૂલચૂક હોય તો તે ડમી બુકમાં સુધારા કરી લે.

દા.ત. તમારું ફોર્મ છે.

Date of Birth, Blood Group, Education, Occupation, Residence Address, Business Address

આ બધી કોલમ ભરવી જરૂરી છે. આમાંથી કોઈ પણ એકાદી વિગત ભરવાની રહી ગઈ હોય તો આ બધું બરાબર જોઈ લઈ જે રહી ગયુ હોય તે ડમી બુકમાં વિગત ભરી લેવી.બીજી ખાસ નોંધ એ લેવી કે તમે તમારા છોકરા છોકરીઓના ધોરણમાં ફેરફાર કરી લેવા. નીચે જણાવેલા સ્થળોએ ડમી બુક મુકવામાં આવશે.

**સ્થળો :**

**૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ કાર્યાલય : ૧૧૮/૧૨૦, આરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૪**

**૨) ચંદ્રેશ એન્ટરપ્રાઈઝ કોરપોરેશન : ૧૩, દેવકરણ મેન્શન, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ – ૪૦૦ ૦૦૨**

**૩) શાહ એન્જીનીયર્સ એન્ડ ઈક્વીમેન્ટ કોર્પોરેશન : ૬૪, નાગદેવી સ્ટ્રીટ, ભોંયતળીયે, મુંબઈ – ૪૦૦ ૦૦૩.**

**૪) અજય પ્રવિણચંદ્ર દોશી : બી–૨, નરશીલ્પવાની, લલ્લુભાઈ પાર્ક રોડ, એકટેન્શન ૧, ઈર્લા, (વિલેપાર્લા), અંધેરી (વેસ્ટ).**

**૫) ગોપાલ રમણલાલ કડકીઆ : ૫૦૧, ગ્યાન દર્શન, એસ.વી.પી.રોડ, મ્યુનીસીપલ ગાર્ડનની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ–૬૭.**

**૬) હેમેન્દ્ર રમણલાલ શાહ : સી/૩૦૨, સુમેર નગર, એસ.વી. રોડ, બોરીવલી (વેસ્ટ).**

**૭) શ્રી બાલાસિનોર વેબસાઈટ** http:\\balasionor.org **હોમ પેજ પર** online **સુધારા વધારા કરવા માટે** website **પર આવેલ ફોર્મ ભરવુ જરૂરી છે. અથવા જયાં સુધી લેખીતમાં નહી આવે ત્યાં સુધી સુધારા કરવામાં આવશે નહિ.**

***સંયોજક : જાસ્મીન શેઠ – મંત્રી : મંજુલ ધારીયા***

---

**નોંધ : તા. ૨૦.૭.૨૦૦૯ પછી આવેલા ફોર્મનો સમાવેશ ૧૦મી આવૃત્તિના વસ્તી પત્રકમાં કરવામાં નહિ આવે. આ છેલ્લી તારીખ છે. ત્યારબાદ નવમી આવૃત્તિના વસ્તિપત્રક પ્રમાણે પ્રિંટ થશે. ડમી ચેક નહિ કરો તો મંડળ જવાબદાર નહિ રહે.**

# નીચે આપેલા કુટુંબ ક્રમાંક નંબરો ના ફોર્મ બાકી છે

## મુંબઈ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૧૮ | ૨૬ | ૩૦ | ૩૬ | ૪૦ | ૪૭ | ૭૯ |
| ૯૯ | ૧૩૨ | ૧૮૨ | ૨૧૦ | ૨૪૬ | ૨૪૮ | ૨૫૪ | ૨૫૭ | ૨૫૮ |
| ૨૬૭ | ૨૬૮ | ૨૭૩ | ૨૭૬ | ૨૭૭ | ૨૭૯ | ૨૮૨ | ૨૮૩ | ૨૮૪ |
| ૨૯૦ | ૩૦૬ | ૩૧૨ | ૩૧૯ | ૩૨૮ | ૩૩૩ | ૩૪૦ | ૩૪૧ | ૩૪૨ |
| ૩૪૫ | ૩૪૯ | ૩૭૫ | ૩૭૮ | ૩૭૯ | ૩૮૦ | ૩૮૨ | ૩૮૩ | ૩૮૪ |
| ૩૮૫ | ૩૮૮ | ૩૮૯ | ૩૯૧ | ૩૯૩ | ૩૯૪ | ૩૯૮ | ૩૯૯ | ૪૦૦ |
| ૪૦૨ | ૪૦૫ | ૪૦૬ | ૪૦૮ | ૪૦૯ | ૪૧૦ | ૪૧૧ | ૪૧૩ | ૪૧૫ |
| ૪૧૬ | ૪૧૭ | ૪૪૨ | ૪૫૦ | ૪૬૩ | ૪૯૦ | ૫૫૦ | ૫૬૦ | ૫૮૦ |
| ૫૮૮ | ૬૧૧ | ૬૧૬ | ૬૪૦ | ૬૪૧ | ૬૬૯ | ૬૮૩ | ૭૦૧ | ૭૫૨ |
| ૭૫૬ | ૭૮૦ | ૭૮૮ | ૭૯૭ | ૮૦૩ | ૮૭૫ | ૮૮૯ | ૯૭૯ | ૯૮૦ |
| ૯૮૧ | ૯૯૬ | ૧૦૨૧ | ૧૦૨૯ | ૧૦૪૧ | ૧૦૪૩ | ૧૦૪૫ | ૧૦૪૮ | ૧૦૫૮ |
| ૧૦૬૨ | ૧૦૬૪ | ૧૦૬૫ | ૧૦૬૭ | ૧૦૬૮ | ૧૦૭૧ | ૧૦૭૪ | ૧૦૭૫ | ૧૦૮૫ |
| ૧૦૯૪ | ૧૦૯૭ | ૧૦૯૯ | ૧૧૨૨ | ૧૧૨૫ | ૧૧૨૭ | ૧૧૩૬ | ૧૧૩૯ | ૧૧૬૦ |
| ૧૧૭૫ | ૧૧૮૯ | ૧૧૯૪ | ૧૧૯૮ | ૧૨૨૩ | ૧૨૨૪ | ૧૨૨૬ | ૧૨૪૫ | ૧૨૬૧ |
| ૧૨૬૨ | ૧૩૧૧ | ૧૩૧૨ | ૧૩૨૩ | ૧૩૨૪ | ૧૩૨૫ | ૧૩૨૬ | ૧૩૪૬ | ૧૩૫૪ |
| ૧૩૬૩ | ૧૩૬૯ | ૧૩૭૪ | ૧૩૮૮ | ૧૩૯૫ | ૧૩૯૯ | ૧૪૦૫ | ૧૪૧૩ | ૧૪૨૦ |
| ૧૪૨૭ | ૧૪૩૦ | ૧૪૩૩ | ૧૪૫૪ | ૧૪૬૪ | ૧૪૬૫ | ૧૪૭૧ | ૧૪૮૧ | ૧૪૯૯ |
| ૧૫૨૬ | ૧૫૪૧ | ૧૫૪૨ | ૧૫૮૧ | ૧૫૮૮ | ૧૫૯૩ | ૧૫૯૪ | ૧૫૯૫ | ૧૫૯૭ |
| ૧૫૯૮ | ૧૫૯૯ | ૧૬૦૦ | | | | | | |

## પરન્યાત

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૧ | ૨૦૧૪ | ૨૦૧૭ | ૨૦૨૧ | ૨૦૨૨ | ૨૦૨૪ | ૨૦૨૫ | ૨૦૨૯ | ૨૦૩૪ |
| ૨૦૩૫ | ૨૦૪૮ | ૨૦૬૩ | ૨૦૬૭ | ૨૦૬૯ | ૨૦૭૧ | ૨૦૭૫ | ૨૦૭૭ | ૨૦૭૯ |
| ૨૦૯૦ | ૨૦૯૮ | ૨૦૯૯ | ૨૧૦૦ | ૨૧૦૧ | ૨૧૦૩ | ૨૧૦૪ | ૨૧૦૫ | ૨૧૧૧ |
| ૨૧૧૩ | ૨૧૧૭ | ૨૧૧૯ | ૨૧૨૦ | ૨૧૨૧ | ૨૧૨૪ | ૨૧૨૫ | ૨૧૨૬ | ૨૧૨૭ |
| ૨૧૩૧ | ૨૧૩૨ | ૨૧૩૩ | ૨૧૩૭ | ૨૧૩૮ | | | | |

## બહારગામ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૬ | ૨૪ | ૨૫ | ૨૭ | ૨૮ | ૩૨ | ૩૩ | ૩૫ |
| ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ | ૪૧ | ૪૬ | ૫૪ | ૬૧ | ૬૨ |
| ૬૩ | ૬૮ | ૭૬ | ૮૧ | ૮૩ | ૮૭ | ૯૩ | ૧૦૦ | ૧૦૧ |
| ૧૦૨ | ૧૦૩ | ૧૦૪ | ૧૦૫ | ૧૦૬ | ૧૦૭ | ૧૦૮ | ૧૦૯ | ૧૧૦ |
| ૧૧૧ | ૧૧૨ | ૧૧૩ | ૧૧૪ | ૧૧૫ | ૧૧૬ | ૧૧૭ | ૧૧૮ | ૧૧૯ |
| ૧૨૩ | ૧૨૯ | ૧૩૦ | ૧૩૨ | ૧૩૪ | ૧૩૫ | ૧૩૯ | ૧૫૨ | ૧૭૦ |
| ૧૭૪ | ૧૭૬ | | | | | | | |

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

## TALENT APPRECIATION SCHEME

જ્યોતિપુંજ માસિકના મે ૨૦૦૯ના અંકમાં જાહેર કરાયેલ ઉપયુક્ત યોજનાના અનુસંધાનમાં વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના બાળકો તથા કોઈપણ ઉમરની વ્યક્તિએ શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં પ્રસશનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું ચાલુ વર્ષે મંડળની વાર્ષિક સામાન્ય સભામાં (સપ્ટેમ્બર ૨૦૦૯) સન્માન પત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે.

આ યોજના હેઠળ તા. ૧-૪-૨૦૦૮થી ૩૦-૬-૨૦૦૯ સુધીના ગાળામાં મેળવેલ દર્શાવેલ યોગદાનની રજૂઆત ગણતરીમાં લેવામાં આવશે. રજૂઆત કરતી વખતે Talentની યોગ્યતા દર્શાવતું પ્રમાણ પત્ર અથવા અન્ય જરૂરી માહીતી (Proof / Supporting Papers) તા. ૩૧-૭-૦૯ સુધીમાં આવવાની રહેશે આ સિવાય વાડાસિનોર વણિક જ્ઞાતિની કોઈપણ વ્યક્તિએ જાહેર ક્ષેત્રમાં પ્રસશંનીય યોગદાન આપ્યુ હોય તે આપની જાણમાં હોય તો તેઓની માહિતી આપ અમને જણાવી શકો છો.

આ યોજનામાં વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિની બહેનો કે જેમને પરજ્ઞાતીમાં લગ્ન કર્યા હોય તે તથા તેમના પતિ અને બાળકો પણ તેમના તરફથી જાહેર ક્ષેત્રમાં દર્શાવેલ યોગદાનની રજૂઆત કરી શકે છે.

આ યોજના માટે મંડળના ઉપપ્રમુખ શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા)ના સંયોજક પણા હેઠળ એક સમિતિની રચના કરવામાં આવી છે. અને Talent Appriciation અંગેના અંતિમ નિર્ણયો આ સમિતિને આધીન રહેશે.

આ Scheme અંગેની વધુ જાણકારી માહિતી અંગે આપ સંયોજક શ્રી અસીત દેસાઈ (મેનપુરવાળા) તેમજ શ્રી નીખીલ પરીખ (લાય)નો સંપર્ક સાંધી શકો છો.

***- કિરીટ રમણલાલ કડકીયા (મલમ)***
***શરદ નટવરલાલ દેસાઈ - માનદ્ મંત્રીઓ***

---

# ભરોસો મને રાધા વરનો ભારી

ભરોસો મને રાધાવરનો ભારી
ભરોસો મને રાધાવરનો ભારી
લગન મને લાગી તારી
મોહની મુજને તારી
તારા રંગમાં હું રાંચી
ભરોસો મને રાધાવરનો ભારી...ભરોસો
તું છે મારો સાંચો સંગાથી
પ્રેમ ભાવે કરું હું ભક્તિ
મુજને આશ એક તારી
ભરોસો મને રાધાવરનો ભારી...ભરોસો
શ્રી કૃષ્ણ ગોવિંદ ગીરીવર ધારી
ચરણે લેજો હે અવિનાશી
સુણજો અરજી મારી
ભરોસો મને રાધાવરનો ભારી...ભરોસો

***- ઉષા એસ. ધારીયા***

# શ્રી વાડાસિનોર વિદ્યામંડળ
# અનુકરણીય દાન

આપણી સંસ્થાને રૂા. ૧,૫૧,૦૦૦/- (અંકે રૂા. એક લાખ પચાસ હજારનું માતબર દાન શ્રીમતી તારાબેન ઓચ્છવલાલ પરીખની સ્મૃતિમાં શ્રી હેમતભાઈ ઓચ્છવલાલ પરીખ (H.U)ના પરિવાર તરફથી માતા સરસ્વતી દેવીની મૂર્તિના છત્ર માટે મળ્યું છે.

માતા સરસ્વતી દેવીની મૂર્તિની સ્થાપના કોલેજના મેઈન બિલ્ડીંગમાં-ચોકમાં, શ્રીજી કોમ્પ્યુટર લેબોરેટરીની બહાર કરવામાં આવશે.

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે. પરમકૃપાળુ ઈશ્વરે આપણને સૌને તન, મન અને ધન આપ્યા છે. તનને આપણે સ્થાનથી, મન ને આપણે સાધનાથી અને ધનને આપણે દાનથી શુદ્ધ કરવા જોઈએ એવી શાસ્ત્રોની આજ્ઞા છે.

યજુર્વેદનો શ્લોક છે ‘પાવલા નઃ સરસ્વતી’ એટલે કે સરસ્વતી અમને પવિત્ર કરે.

**‘દાતા ભવતિ વા નવા’**

અર્થ સો માણસોમાં એકાદ જ શૂરવીર મળે, હજારોમાં એકાદ જ વિધ્વાન હોય, દસ હજારે એક સારો વક્તા હોય જ્યારે **દાનવીર તો હોય કે ન હોય.**

ઈશ્વર આપણને શક્તિ, ધન અને જ્ઞાન આપે છે. બીજાનું રક્ષણ કરવા મદદ કરવા તથા વહેંચવા જે ઈશ્વરની આજ્ઞાનું / ઈચ્છાનું પાલન કરે છે. તેની શક્તિ, ધન, અને જ્ઞાન વધતાં જ જાય છે.

***લી. બાલાસિનોર વિદ્યામંડળ***
***કારોબારી સમિતિ વતી.***

''શ્રી ગોકુલેશો જયંતિ''

# પૂ. પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વલ્લભબાવાશ્રીના સાનિધ્યમાં (શ્રીમદ્ ચતુર્થપીઠ ગોકુલ-અમદાવાદ-મુંબઈ) શ્રી ચતુર્થ ગૃહ હિતવર્ધક પરિવાર, અમદાવાદ આયોજીત બીજી શ્રી વ્રજ લીલી પરિક્રમા સંવત ૨૦૬૫

પૂ.પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વલ્લભબાવાશ્રીના સાનિધ્યમાં બીજી શ્રી વ્રજ લીલી પરિક્રમા સંવત ૨૦૬૫ના આયોજનમાં અનિવાર્ય સંજોગોને કારણે નીચે જણાવેલ ફેરફારો કરેલ છે. જેની દરેક વૈષ્ણવોએ નોંધ લેવી.

૧. આ યાત્રા ૩૭ દિવસ માટે તા. ૨૬-૮-૦૯ થી તા. ૧-૧૦-૦૯ સુધી યોજવામાં આવી હતી તેના બદલે હવે ૨૦ દિવસ માટે તા. ૭-૮-૦૯ થી ૨૬-૮-૦૯ સુધી યોજવામાં આવી છે.
૨. આ યાત્રા મથુરાથી ઉપડવાને બદલે હવે અમદાવાદ અને મુંબઈ મુકામેથી તા. ૭-૮-૦૯ના રોજ વિજય કરશે.
૩. આ યાત્રા વાહન દ્વારા કરવામાં આવશે, જયાં વાહન ન જઈ શકતું હોય ત્યાં જ થોડા અંતર માટે ચાલવાનું રહેશે.
૪. યાત્રામાં રહેઠાણ પાલની જગ્યાએ ધર્મશાળા/ હોટલમાં આવશે.
૫. યાત્રા દરેક ગામમાં રોકાવાને બદલે ફક્ત મુખ્ય પાંચ મથકોમાં ત્રણ/ચાર દિવસ રોકાશે. મથુરા- જતીપુરા-વૃદાવન-બરસાના-ગોકુલ.
૬. દરરોજ બેઠકોમાં ઝારી ચરણ સ્પર્શ મનોરથી દ્વારા પૂજ્ય શ્રીની ઉપસ્થીતીમાં ધોતી ઉપરણા-તીલક આરતીની સાથે કરવામાં આવશે. ઝારી ચરણ સ્પર્શની સામગ્રીનું આયોજન યાત્રા તરફથી કરવામાં આવશે. દરેક બેઠકના મનોરથી અલગ લેવામાં આવશે.
૭. વૈષ્ણવ યાત્રાળુ માટે સુંદર અને સાત્વિક ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી છે.
૮. ન્યોછાવર વ્યક્તિ દીઠ રૂા. ૧૪૦૦૧/- થી ઘટાડીને રૂા. ૧૧૦૦૧/- રાખેલ છે જેમાં રેલ્વે ભાડાનો સમાવેશ થાય છે. સંપૂર્ણ રકમ મળ્યા બાદ જ રેલ્વે ટિકીટ લેવામાં આવશે. રકમ ભરવાની છેલ્લી તારીખ ૨૦-૬-૦૯.
૯. આ યાત્રામાં વ્રજમાં આવેલ ૨૨ બેઠક સ્થળોમાં વૈષ્ણવને લાભ મળશે તથા સમય અને સંજોગો પ્રમાણે મુકામેથી આસપાસના અલૌકીક અન્ય લીલા સ્થળોના દર્શનનો લાભ પ્રાપ્ત થશે.
૧૦. આ યાત્રા દરમ્યાન આપણા માર્ગના આરાધ્ય પ્રભુ શ્રી કૃષ્ણના અલૌકિક જન્મોત્સવની વ્રજમાં થતી ઉજવણી નિહાળવાનો લાભ પ્રાપ્ત થશે.

**વધુ માહિતી માટે સંપર્ક કરવો :** શૈલેશ નટવરલાલ કડકીઆ (ઘનગેલા) મો. ૯૮૧૯૨૭૬૯૭૦
શ્રી જે.સી.શાહ (અણીચોરવાલા) - ૦૭૯-૨૬૭૪૮૧૪૯ મો. : ૯૮૨૪૪૧૦૪૮૮

**જે જૈ શ્રી ગોકુલેશ** **શ્રી વલ્લભબાવાશ્રી ગોકુલેશ**

# શ્રી કનૈયાપ્રભુ હાઈસ્કુલ-ગોકુલ

આપ સહુ ભણતરનું મહત્વતો સમજો છો. આજે આપણે આપણા બાળકોના ભણતર માટે કંઈ પણ કરવા તૈયાર છીએ. બાળક ભણશે તો જ આગળ વધશે એ આપણે સહુ જાણીએ છે. મોટા શહેરો તેમજ નાના ગામો સુધી સ્કુલ/કોલેજની સ્થાપના થઈ ચુકી છે અને વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ આગળ વધે છે.

ઉત્તર ભારતના અનેક નાના ગામમાં આજે પણ સ્કુલ, ઝાડ નીચે અથવા ઝુંપડા જેવા ઘરોમાં ચાલે છે. આ રીતે આપણા ધર્મસ્થળ ગોકુલમાં પણ સ્કુલ આજ રીતે, ૪ ધોરણ સુધી ની સ્કુલ ચાલતી હતી અને છોકરીઓ તો ભણવા જતી જ નહોતી.

સ્વ. નવનીતલાલ સાંકરલાલ દેસાઈ તથા શ્રી નવનીતલાલ મોહનલાલ ગાંધી (મોડાસાવાળા)ની દીર્ઘદ્રષ્ટીથી ગોકુલમાં સ્કુલ બનાવવાનું નક્કી કર્યું અને તે પણ ૧૦ ધોરણ સુધીની સરકારના કાયદા મુજબની અને આ સ્કુલનો પાયો નાખ્યો ૨૦૦૧માં અને ૨૦૦૪માં. આપ સહુ દાનવીર દાતાઓના સહકારથી ૧ માળની ૧૨ વર્ગ સાથેની ૮ ધોરણ સુધીની સ્કુલ શરૂ થઈ. ત્યાર બાદ ભંડોળ ભેગુ થતા ૨ જો માળ બનાવ્યો અને ૧૦ ધોરણ સુધી સ્કુલ ૨૦૦૭માં શરૂ થઈ પણ ઘણી વ્યવસ્થાનો અભાવ હતો. પછી ધીરે ધીરે કોમ્પ્યુટર કલાસ ૩ કોમ્પ્યુટર સાથે શરૂ કર્યા અને પાંચ શીવણ મશીન સાથે સુંઈગ કલાસ ચાલુ કર્યા.

ત્યાર બાદ ૧૫ ટકા થી ૨૦ ટકા વિદ્યાર્થી જે ફી ભરી નહોતા શકતા તેમના માટે વિદ્યાર્થી રાહત યોજના કરી અને દાતા શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ ડોશીના દાનથી આ યોજના શરૂ કરી ત્યારબાદ શ્રી કીરીટભાઈ મોહનલાલ મોદી (દેવ)ના સહયોગથી બેંચ (ફર્નીચર) મુકવાનો કાર્યક્રમ શરૂ કર્યો ૩૨૫ બેંચ માટે ખર્ચ ઘણો મોટો છે. ૧૫૦ બેંચ તેમજ ૧૨ માંથી ૩ કોમ્પ્યુટર વસાવ્યા છે. હજુ ૧૭૫ બેંચ ૯ કોમ્પ્યુટર તેમજ લેબોરેટરી ફર્નીચર તથા સાધનો અને લાયબ્રેરી ફર્નીચર તેમજ પુસ્તકો વસાવવાના બાકી છે. અત્યાર સુધી ૫૫ લાખનું દાન મળી ચુક્યું છે અને ૮ લાખના દાનની જરૂર છે. જેની વિગતો નીચે આપેલ છે.

આશા છે આપ સહુના સહકાર થી આ કાર્ય પુરુ થશે આ કાર્ય પુર્ણ થતા સ્કુલને ૧૦ ધોરણની સરકારની માન્યતા મળી જશે અને ૬૫૦ થી વધુ વિદ્યાર્થીને ભવિષ્ય ઉજવળ કરવાનું તક મળશે.

***શ્રી ગોકુલેશ શિક્ષા પ્રસાર સમિતિ ટ્રસ્ટીઓ***

ટ્રસ્ટીઓ : વ્રજેશ નવનીતલાલ દેસાઈ, મોહનલાલ મગનલાલ ગાંધી (મોડાસાવાળા), અરવીંદ ચીમનલાલ પરીખ (દુધવાળા), રાજેન્દ્ર કીરતનલાલ દેસાઈ (લાટવાળા).

**સ્કુલમા બાકી રહેલા કામ માટે જરૂરી ભંડોળની યાદી**

| | |
|---|---|
| ૧) કુલ ૩૨૫ માંથી ૧૫૦ બેંચના દાતા મળ્યા છે. ૧૭૫ X ૨૪૦૦ રૂા. | ૪,૨૦,૦૦૦ |
| ૨) કુલ ૧૨ માંથી ૩ કોમ્પ્યુટર મળ્યા છે ૯ X ૧૭૦૦૦ રૂા, | ૧,૫૩,૦૦૦ |
| ૩) લેબોરેટરી ફર્નીચર અને ઈકવીપમેન્ટ માટે | ૧,૦૦,૦૦૦ |
| ૪) લાયબ્રેરી ફર્નીચર અને પુસ્તકો માટે | ૫૦,૦૦૦ |
| ૫) અન્ય કામ ઓફીસ ફર્નીચર તથા પરચુરણકાર્ય | ૭૫,૦૦૦ |
| | ૭,૯૮,૦૦૦ |

અંદાજીત રૂા. ૮ લાખના ભંડોળની જરૂર છે.

## સ્કુલ માટે ૨૫,૦૦૦ થી વધુની રકમ આપનાર દાતાઓની યાદી

| નામ | રૂા. |
|---|---|
| ❖ શ્રી નવનીતલાલ સાંકરલાલ દેસાઇનો પરિવાર<br>હ. સદગુણબેન – વ્રજેશ જતીન | ૯,૦૦,૦૦૦/– |
| ❖ શ્રી મોહનલાલ મગનલાલ ગાંધી (મોડાસાવાળા)નો પરિવાર<br>હ.નવનીતલાલ નંદલાલ ગાંધી | ૫,૦૦,૦૦૦ |
| ❖ શ્રીમતી શાંતાબેન કાંતીલાલ<br>લાલચંદ દોશીનો પરિવાર | ૫,૦૦,૦૦૦ |
| ❖ શ્રીમતી મણીબેન સાંકરલાલ શાહ (એફણી)<br>હ.શ્રીમતી કુસુમબેન નવનીતલાલ ધારીયા અને<br>શ્રીમતી સુવર્ણાબેન પ્રદીપભાઈ મોદી | ૨,૫૦,૦૦૦ |
| ❖ લાયન્સ કલબ ઓફ ધોબીતલાવ | ૧,૭૫,૦૦૦ |
| ❖ શ્રી કીરીટભાઈ મોહનલાલ મોદી (દેવ) | ૧,૫૦,૦૦૦ |
| ❖ શ્રીમતી શંકુતલાબેન પુનમચંદ કડકીયા (બેરા) | ૧,૨૫,૦૦૦ |
| ❖ શ્રીમતી કપીલાબેન વાડીલાલ શેઠ(મોડાસાવાળા) | ૧,૨૫,૦૦૦ |
| ❖ એક શુભેચ્છક | ૧,૧૧,૦૦૦ |
| ❖ શ્રીમતી લીલાબેન ગુણવંતલાલ શાહ(સુરતવાળા) | ૧,૧૧,૦૦૦ |
| ❖ શ્રીમતી પદમાબેન કીરતનલાલ દેસાઈ<br>(લાટવાળા)નો પરીવાર | ૧,૧૧,૦૦૦ |
| ❖ શ્રીમતી સ્મીતાબેન અરવીંદભાઈ પરીખ<br>(દુધવાળા)નો પરિવાર | ૧,૧૧,૦૦૦ |
| ❖ શ્રીમતી ઈન્દુબેન નવનીતલાલ શાહ<br>(ઝાટ)નો પરીવાર હ. દીપક | ૧,૦૦,૦૦૦ |
| ❖ જીનેષભાઈ મનોજકુમાર શાહ(મોડાસાવાળા) | ૧,૦૦,૦૦૦/– |
| ❖ શ્રી નવીનભાઈ રમણલાલ દેસાઈ (મેનપુરાવાળા) | ૧,૦૦,૦૦૦/– |
| ❖ શ્રીમતી મંજુલાબેન શાંતીલાલ મહેતા(ધરીવાળા) | ૭૫,૦૦૦/– |
| ❖ એક શુભેચ્છક | ૬૦,૦૦૦/– |
| ❖ શ્રી ચંદ્રવદન મોહનલાલ ગાંધી(મોડાસાવાળા) | ૫૧,૦૦૦/– |
| ❖ શ્રીમતી કમળાબેન મોહનલાલ ધારીયા(કુણીવાળા) | ૫૧,૦૦૦/– |
| ❖ શ્રીમતી શાંતાબેન પુનમચંદ્ર કડકીયા(હાલોલવાળા) | ૫૧,૦૦૦/– |
| ❖ શ્રીમતી સુભદ્રાબેન વીનુભાઈ મહેતા(કલકતાવાળા) | ૫૧,૦૦૦/– |
| ❖ શ્રીમતી ઉર્મિલાબેન વીનુભાઈ મહેતા(ધરીવાળા) | ૫૧,૦૦૦/– |
| ❖ શ્રીમતી શાંતાબેન મોહનલાલ શાહ(ચકવા) | ૫૧,૦૦૦/– |
| ❖ શ્રીમતી લીલાબેન રમણીકલાલ ધારીયા | ૫૧,૦૦૦/– |
| ❖ શ્રી સાકરલાલ કડુજી શાહ | ૫૧,૦૦૦/– |
| ❖ શ્રી તારાબેન કાંતીલાલ પરીખ(તાતીયા)હ.અશોકભાઈ | ૫૧,૦૦૦/– |
| ❖ શ્રીમતી તારાબેન રતીલાલ પરીખ હ.સુરેન્દ્રભાઈ | ૫૧,૦૦૦/– |
| ❖ શ્રીમતી શારદાબેન વસંતભાઈ બુટાલા (મોડાસાવાળા) | ૫૧,૦૦૦/– |
| ❖ શ્રીમતી દીપીકાબેન પંકજભાઈ ધારીયા (લાલખા) | ૪૯,૦૦૦/– |
| ❖ શ્રીમતી શીલાબેન અશ્વીનભાઈ કડકીયા | ૩૭,૦૦૦/– |
| ❖ શ્રી નટવરલાલ સાંકરલાલ દેસાઈનો પરીવાર | ૩૧,૦૦૦/– |
| ❖ શ્રીમતી ઈન્દુબેન રસીકલાલ ધારીયા (દલાલ) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી કોકીલાબેન રસીકલાલ મોદી (દેવ) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી લીલાબેન પ્રવીણચંદ્ર કચેરીયા | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી કુસુમબેન રસીકલાલ લાકડાવાળા | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રી કીરતનલાલ છોટાલાલ શેઠ (અત્તરવાલા) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી સુર્યાબેન રમેશચંદ્ર શાહ (હાથીખાનાવાળા) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી કોકીલાબેન મધુસુદન કડકીયા (ફાડીયા) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી સરોજબેન કૃષ્ણકાંત ચીતલીયા | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી ઈન્દીરાબેન રજનીકાંત કડકીયા (ધરીવાળા) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી લીલાબેન બાબુલાલ કડકીયા (લટકારી) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી પુષ્પાબેન કાંતીલાલ પરીખ (કુવાવાળા) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી પારુલ શૈલેષભાઈ કડકીયા (ધંગેલા) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી તારાબેન રમણલાલ મોદી (ચૌધરી) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી સાવીત્રીબેન દીનકરલાલ પરીખ (ચાહવાલા) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી શાંતાબેન કાંતીલાલ ધારીયા(સુંદર સાડીવાળા) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી કોકીલાબેન બાબુલાલ પરીખ (B.C.) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી કુસુમબેન ગોકલદાસ કડકીયા (ફાડીયા) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રી કેતનભાઈ સતીષભાઈ પરીખ (રોકડીયા) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી કલાવતીબેન અને જીવકોરબેન ચાંદીવાલા | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી કીકીબેન કાંતીલાલ મોદી (બારીયા) | ૨૫,૦૦૦/– |
| ❖ શ્રીમતી રૂકમણી શંભુપ્રસાદ મુરાસ્કા | ૨૫,૦૦૦/– |
| ❖ સીનીયર સીટીઝન ફ્રેન્ડ્સ ગ્રુપ | ૨૫,૦૦૦/– |

## યાદ તારી સાંભરે

સમયની દોટની રમતમાં સમય સાંભરે.
મિત્રોની આજની મહેફિલમાં દોસ્ત તું સાંભરે
સાથે રમવું , સાથે ભણવું, સાથે ફરવું ને મોજ
મસ્તી ભર્યા રહેતા દિવસો આતે એક સાથે સાભરે
ધુળેટી, નવરાત્રિ, દિવાળી, જન્માષ્ટમી, ઉઝવાય રંગે ચંગે
ગુલાલ, પતંગ, રાસગરબા, ઉટાકડા, સાંભરે
બેટ-બોલ, ભમરડા, ગીલીદંડા, ગોટીઓનો આનંદ સાંભરે
હર મોસમમા હવે યાદ તારી સાંભરે

***- શીરીષ જ પરીખ.***

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંજળ

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દરમ્યાન મંડળને નીચે મુજબ દાનવચન પ્રાપ્ત થયા છે.

૧. શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) ૧,૦૦,૦૦૦/-

૨. એક શુભેચ્છક તરફથી ૧,૦૦,૦૦૦/-

૩. પંકજ ઓચ્છવલાલ મોદી તરફથી પુત્રી કૃપાના લગ્ન પ્રસંગે ૨૧,૦૦૦/-

૪. શ્રીમતી શીલ્પા અમીત મોદી તરફથી પુત્ર ફેનીલના લગ્ન પ્રસંગે શ્રીમતી સુભદ્રાબેન બાબુલાલ મોદી (પેપરવાલા) ન્યાંસ ફંડ ૧૧,૦૦૦/-

૫. શ્રી જતીન મણીલાલ મોદી (ચોધરી) ન્યાસ ફંડ ૧૧૦૦૧/-

૬. તારાબેન અને શાંતિલાલ છોટાલાલ કડકીઆ આગલા વર્ષે દાતાશ્રી તરફથી મળેલ ૬૦,૦૦૦/- ઉમેરતાં ન્યાસફંડની કુલ રકમ ૧,૦૦,૦૦૦/- થાય છે.) ૪૦,૦૦૦/-

૭. શ્રીમતી વંદના અજય ધારીઆ પુત્રની વર્ષગાંઠ નિમિત્તે ૨,૦૦૦/-

ઉપયુકત ન્યાસફંડ તેમ જ દાનવચન બદલ મંડળની કારોબારીના સભ્યો તેમ જ ટ્રસ્ટીગણ દાતાઓનો હાર્દિક આભાર માને છે.

*- કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)*
*શરદ નટવરલાલ દેસાઈ માનદ્ મંત્રીઓ*

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપયુક્ત મંડળ વર્ષ ૨૦૦૮-૨૦૦૯ની કાર્યવાહક સમિતિની એક સભા રવિવાર તા. ૧૦-૫-૦૯ના દિને સવારે ૧૦ કલાકે દાતા ટ્રસ્ટી શ્રી પ્રફુલભાઈ ઓ શેઠના નિવાસ સ્થાને મળી હતી. આ સભામાં હાજર રહેલ સભ્યોની સર્વ સંમતિથી નીચે મુજબ કાર્ય થયું હતુ.

ગત સભા ૬-૨-૦૯ની મિનિટ્સ મંત્રી જતીન દેસાઈએ વાંચી હતી.

મંડળની ડાયમંડ જયુબિલી-હીરક મહોત્સવ ૨૦૧૦માં ઉજવવા નક્કી થયું. આ માટેની સમિતિના કન્વીનર તરીકે શ્રી પ્રફુલ્લભાઈ શેઠની વરણી કરવામાં આવી. સમિતિમાં શ્રી નીતિન નટવરલાલ દેસાઈ તથા શ્રી જગદીશ ધારીઆ નાં નામો સૂચવાયો.

સુવેનીર સમિતિના કન્વીનર શ્રી મોહનભાઈ પરીખને અન્ય સભ્યો નિયુક્ત કરવાની સત્તા આપવામાં આવી.

ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલના આચાર્યના કેસ અંગેની વિગતવાર માહિતી પ્રમુખશ્રીએ રજૂ કરી. કેસ માટે શ્રી રાજકુમાર આર. વકીલ એડવોકેટ ગુજરાત હાઈકોર્ટની શાળા સમિતિએ કરેલ નિમણૂકને બહાલી આપી. આ અંગે થનાર કાનૂની ખર્ચને મંજૂરી આપી અને કાર્યવાહી માટે શાળા સમિતિને સત્તા આપી ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલના બાકી નળિયાવાળા ભાગનું ટેરેસ-કોન્ક્રીટ કરવાના પ્રસ્તાવને તથા અંદાજે રૂપિયા બાર લાખના બજેટને મંજૂરી આપી. આ માટે દાન-ભંડોળ માટે પ્રયત્નો કરવા નક્કી થયું. ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલમાં એમ.એ.બી.એડ, શિક્ષકની નિમણૂક સામે અન્ય

ઉમેદવાર સિધવા મનુભાઈએ કરેલ રીટ પીટીશન અંગે પ્રમુખશ્રીએ માહિતી આપી અને આ અંગેની કાર્યવાહી માટે શાળા સમિતિને સંપૂર્ણ સત્તા આપવામાં આવી.

મંડળને મળેલ અને મળવા પાત્ર દાનની વિગત

ઈગલ સેલ્સ કોર્પોરેશન તરફથી જાહેર કર્યા મુજબ એક લાખના બદલે રૂા. ૧,૧૧,૦૦૦/-નો ચેક પ્રાપ્ત થયો છે.

પૂર્વ પ્રમુખ સ્વ. નવનીતલાલ સાં-ધારીઆના સ્મરણાર્થે પી.વી.વિદ્યાલયના વર્ગ ખંડ માટે રૂા. ૨,૫૦,૦૦૦/- મળી ગયા છે અને બીજા અઢીલાખ એમના કુટુંબીજનો તરફથી મળશે.

શ્રી દિનેશભાઈ ચીમનલાલ પરીખ રાઠોડિયા તરફથી રૂપિયા એક લાખ મળનાર છે તેમાં રૂપિયા પચીસ હજારની રકમ પ્રાપ્ત થઈ ગઈ છે.

જે.વી.સ્કુલનાં વૈજ્ઞાનિક શૈક્ષણિક સાધનો વસાવવા રૂપીઆ અઢીલાખના દાન માટે અપીલ કરવા નક્કી થયું.

આ વખતે નોટબુકોમાં રૂપીયા ૫૦,૦૦૦/-ની રકમ ફાળવવામાં આવી છે.

નવા આજીવન સભ્ય શ્રી આશિષ કિરીટકુમાર શાહ બન્યાનું મંત્રીશ્રીએ જણાવ્યું. ફારેગ થતા નીચે મુજબ પાંચ સભ્યો માટે ઉમેદવારી પત્રો મંગાવવા નક્કી થયું.

**ફારેગ થતા સભ્યો**

૧ શ્રી પ્રવીણચંદ્ર કોદરલાલ શાહ
૨ શ્રી જગદીશચંદ્ર રમણીકલાલ ધારીઆ
૩ શ્રી નીતિન નટવરલાલ દેસાઈ
૪ શ્રી રજનીકાન્ત ઓચ્છવલાલ શાહ
૫ શ્રી શરદ નટવરલાલ દેસાઈ

અંતમાં આજની સભા યોજવા માટે તરુબેન તથા પ્રફુલ્લભાઈનો આભાર માની સભા બરખાસ્ત કરવામાં આવી.

***મંત્રીઓ : જતીન દેસાઈ, ચંદ્રકાન્ત દેસાઈ***

## બાલાસિનોરમાં વિદાય સમારંભ

બાલાસિનોરજી જે.વ.દેસાઈ ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ -૭ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ શાળા સમિતિના મંત્રી રમણભાઈ કે. પટેલ પ્રમુખસ્થાને રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં વિદાય લેતાં ધો.૭ના વિદ્યાર્થી ભાવેશ પરમાર અને વિદ્યાર્થી ની જીનલ ત્રિવેદીએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. વર્ગશિક્ષક ઈલેશભાઈ પટેલે સૌ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં ઈન્ટરમિડિયેટ અને એલીમેન્ટ્રી ચિત્રની પરીક્ષાના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ધોરણ પાંચની શિષ્યવૃતિના પ્રમાણપત્રો પણ આપવામાં આવ્યા હતા. આચાર્ય દિપકભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

## વિનંતી

ભુલ ચુક માફ કરો મેરે લાલા,
ભુલ ચુક માફ કરો.
આવી તારે દ્વારે લાલા,
આવી તારે દ્વારે.
જનમ જનમની હુ અપરાધી,
અવગુણ દૂર કરો.
ચરણ કમળની સેવા માંગુ,
ચાહે તો પાર કરો...,
ભુલ ચુક માફ કરો.

***- સરલાબેન દેસાઈ (દેડકી)***

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

મંડળ સંચાલિત ઉપયુક્ત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષ (૦૯-૧૦) શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થી મિત્રોએ તા. ૧૫-૬-૦૯ બાદ નીચે જણાવેલ સ્થળેથી અરજીપત્રક મેળવી લેવા વિનંતી.

આ અરજીપત્રક સંપૂર્ણ વિગત સાથે ભરીને ચાલુ વર્ષની ફી ભર્યાની રસીદ તેમ જ આગલા વર્ષની (ગત વર્ષની) પરીક્ષા પાસ કર્યાના પરિણામની xerox સાથે તા. ૨૫-૭-૦૯ સુધીમાં તે જ સ્થળે પાછા આપી જવા. (અધૂરી વિગત સાથેના Form સ્વીકારવામાં આવશે નહિ)

**અરજીપત્રક મેળવવાનું સ્થળ :-**

૧- શ્રી મધુસુદન ભીખાલાલ કડકીઆ (ફાડિયા)
Vibgyor (India) Company, 75 Nagdevi
Cross Lane, 1st Floor, Mumbai - 400003
સમય બપોરે ૧૨.૩૦ થી સાંજના ૪.૩૦ સુધી

૨. શ્રી અશ્વિન કાંતિલાલ ધારીઆ (બલબલ)
B.M.Bros ૧૨૨, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ
(અમદાવાદ બેંકની બાજુમાં) મુંબઈ - ૪૦૦૦૦૩
સમય બપોરે ૧ થી સાંજના ૫ સુધી.

અરજી પત્રક મેળવ્યા બાદ દરેક અરજીપત્રકની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને ફી સહાય સમિતિની મંજૂરી મેળવ્યા બાદ ૧૦ ઓગસ્ટ ૨૦૦૯ પછી શૈક્ષણિક સહાય અંગેના ચેક આપવામાં આવશે.

### પારિતોષિક યોજના

શૈક્ષણિક વર્ષ (૦૮-૦૯)ના અભ્યાસક્રમ દરમ્યાન માર્ચ/એપ્રિલ/મે ૨૦૦૯ અથવા અન્ય સમયે લેવાયેલ પરીક્ષાઓમાં ઉર્તીણ થનાર વિદ્યાર્થી મિત્રોને સખાવતી દાતાઓ મારફત પ્રાપ્ત થયેલ શૈક્ષણિક સહાય અંગેના ન્યાસફંડના વ્યાજની રકમમાંથી મંડળ દ્વારા પારિતોષિક પ્રતિ વર્ષ આપવામાં આવે છે.

સફળ વિદ્યાર્થી મિત્રોએ પરિણામ (માર્કશીટ)ની xerox મંડળની કારોબારી સમિતિના સભ્યોને તા. ૨૦-૮-૦૯ પહેલા મોકલાવી આપવા વિનંતિ.

નોંધ : આ યોજના S.S.C (Class X) તેમજ ત્યારબાદ કોલેજના ઉચ્ચતર અભ્યાસક્રમ માટે જ છે.

ઉપયુક્ત પ્રવૃત્તિ અંગેની વધુ માહિતિ / જાણકારી માટે નીચે જણાવેલ મંડળના કાર્યકર્તાઓનો સંપર્ક સાધવો અસીત રમેશચંદ્ર દેસાઈ - ૨૩૮૬૯૮૨૧ / ૯૮૨૦૧ ૫૭૩૩૫

કિરીટ રમણલાલ કડકીઆ (મલમ) - ૨૩૬૮૦૧૬૭ / ૯૮૨૧૦૩૭૬૪૭

*કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)*
*શરદ નટવરલાલ દેસાઈ, માનદ્ મંત્રી*

## શ્રી કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ, બાલાસિનોર :-

બાલાસિનોર નગર તથા બાલાસિનોર તાલુકામાં એકમાત્ર શ્રી ગણપતિજી (શ્રી સિદ્ધિવિનાયક)નું મંદિર શ્રી કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલના વીરપુર રોડ ઉપર નવા બનાવાયેલ ગેટના હોસ્પિટલના પ્રાંગણમાં શ્રી ગણપતિજી (શ્રી સિદ્ધિવિનાયક)ના મંદિરના નિર્માણ માટેનું નક્કી થતાં બાલાસિનોરના વતની અને હાલ મુંબઈ સ્થિત શ્રી નટવરલાલ મણીલાલ પરીખ (ડાબલી) પરિવાર તરફથી હોસ્પિટલને રૂપિયા દોઢ લાખનું દાન આપવામાં આવ્યુ હતું. તેમજ મંદિરની શ્રી ગણપતિજીની આકર્ષક આરસની મૂર્તિ અગ્રગણ્ય તમાકુના વહેપારી અને હોસ્પિટલના પ્રમુખશ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (મેનપુરાવાળા) તરફથી અર્પણ કરવામાં આવી હતી.

ટૂંકગાળામાં જ આ શ્રી ગણપતિજી (શ્રી સિદ્ધિ વિનાયક)ના મંદિરનું સુંદર નિર્માણ પૂર્ણ થતાં આ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તારીખ : ૫ અને ૬ મે ૨૦૦૯ના રોજ શ્રી અશોકચંદ શાસ્ત્રીજી ચાણોદવાળાના આચાર્યપદે વેદમંત્રોચ્ચારના ઉદઘોષ સાથે ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મંદિરના સહયોગી દાતા શ્રીમતી મધુરીબેન નટવરલાલ પરીખ (ડાબલી) તથા શ્રી નટવરલાલ મણીલાલ પરીખ (ડાબલી), હોસ્પિટલના પ્રમુખશ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહ (મેનપુરાવાળા), ઉપપ્રમુખશ્રી વસંતભાઈ એસ.પરીખ (કુવાવાળા), હોસ્પિટલના અગ્રણીઓ-ટ્રસ્ટીશ્રીઓ-ટ્રસ્ટીશ્રીઓ મુ.શ્રી રસીકભાઈ એસ.મોદી (દેવ), શ્રી નટવરલાલ સી. પરીખ (વોરા), સંસ્થાના સ્થઆનિક મંત્રીશ્રી રજનીભાઈ ઓ.શાહ, શ્રી રાવજીભાઈ બી.પટેલ, શ્રી વિપીનભાઈ ઓ.મોદી (ઠાસરવાળા) શ્રી રાજેશભાઈ પાઠક (માજી ધારાસભ્યશ્રી) તેમજ નગરના આમંત્રીતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને સદર શ્રી સિદ્ધિવિનાયક મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવેલ.

**કે.એમ.જી.જી.હોસ્પિટલ ટ્રસ્ટ ઓપરેશન મિતી યોજના હેઠળ રૂા. ૭૫૦૦/-ના દાન માટે નોંધાયેલ મિતિ મળેલ મિતીઃ તા. ૨૬-૫-૦૯ સુધીમાં**

૧ પરીખ સુશીલાબેન નટવરલાલ (વોરા)
૨ દેસાઈ મધુબેન નટવરલાલ (પેઢીવાળા)
૩ ધારીઆ પંકજ કાંતિલાલ (લાલખાં)
૪ ધારીઆ રશ્મિ કાંતિલાલ (લાલખાં)
૫ ગિરીહર ચેરીટી ટ્રસ્ટ
૬ ધારીઆ જશુબેન નવનીતલાલ
૭ શાહ નવનીતલાલ કોદરલાલ (જનોડવાળા)

**કે.એમ.જી.જી. હોસ્પિટલ ટ્રસ્ટમાં નોંધાયેલ વધુદાન :**

સ્વ. હિરાલાલ મણીલાલ પરીખ (ડાબલી)ના સ્મરણાર્થે હસ્તે - કોકિલાબેન તરફથી રૂપિયા એક લાખના દાનનું વચન મળેલ છે. દાતાઓ નોંધાયેલ દાન બદલ સંસ્થા વતી દાતાશ્રીઓનો આભાર માનવામાં આવે છે.

***મંત્રી ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્ર દેસાઈ***

---

## માન

માનના ટોપલાને માથે ના લો, પ્રેમના ટોપલાને માણી તો જો,
માન માન કરી ઉચે ના જો, પ્રેમ પ્રેમ કરી નીચે તો જો,
હુ હુ ની જાળમાં ફસાતો નહિ, કુદા કુદી તો કરતો નહિ
સાચુ ખોટુ તું સમજી તો જો, સાચાને સાથ આપી તો જો
કાયાને થોડી કસી તો જો, સુખાકારી તો માણી જો.
મોટાને માન આપી તો જો, નાનાને પ્રેમથી બોલાવી તો જો.
દિલના દરીયામાં ઉતરી તો જો, ઈશને મારગડે ચાલી તો જો.

***- સરલાબેન દેસાઈ (દેડકી)***

# શ્રી વાડાસિનોર દશાનીમા મેડિકલ સેન્ટર

શ્રી વાડા.મેડિ.સેન્ટર દ્વારા આયોજિત કેન્સર કેમ્પને સફળ બનાવવા આપ સર્વે જ્ઞાતિજનોનો સંસ્થા ખૂબજ આભાર માને છે.

આ સાથે જણાવવાનું કે Tata Memo Hosp માં જે ૧૭૪ ભાઈ બહેનોએ body check-up કરાવ્યું હતું. એમાંથી ૧૨ પુરુષો અને ૧૨ મહિલાઓને Tata Hosp માંથી Follow up-test માટે સગવડ કરવામાં આવી હતી. જેથી તેઓ સાવધાની અને સાવચેતી અમલમાં મૂકી ભવિષ્યમાં આ રોગ થતો અટકાવી શકે. આપ સૌ ભાઈ બહેનોને ખાસ વિનંતી કે

(૧) જે વ્યક્તિને Follow up testનું સૂચન કરવામાં આવ્યું હતુ પણ કોઈ અનિવાર્ય સંજોગોવસાત Tata Hosp જઈ નથી શકયા તેઓને તાત્કાલિક ત્યાંના ડૉકટરની રૂબરૂ મુલાકત લેવા વિનંતી છે.

(૨) જે વ્યક્તિ follow up check up Tata Hosp મારફત ન કરાવતા, private clinicમાં અંગત રીતે કરાવવા માંગતા હોય તેઓને સંસ્થાને આ બાબતની જાણ કરવા વિનંતી-જેથી અમે આપના basic test report Tata Hospમાંથી મંગાવી શકીએ.

(૩) જે વ્યક્તિએ ૧૦૦રૂા. આપીને રજીસ્ટ્રેશન કરાવ્યું હોય અને Tata Hospમાં અત્યાર સુધી એક પણ ટેસ્ટ ન કરાવ્યો હોય, તેઓ વહેલી તકે પ્રમુખશ્રી યોગેશ ધારીઆનો સંપર્ક કરી બની શકે એટલો વધુ તબીબી લાભ લઈ શકે છે. કારણ cancer camp માટે Tata Hosp સાથે સંગઠનના માત્ર ગણતરીના દિવસ બાકી રહેલ છે.

નક્કી કરેલ સમયની મુદત પતી ગયા પછી, બાકી રહેલ વ્યક્તિ દીઠ પેશન્ટની ફાઈલ, Tata Hospમાંથી પાછી મંગાવી આપ આપના અનુકુળ સમયે, એ file લઈ Tata Hosp આપેલ સમય મર્યાદામાં આપના basic test ત્યાં કરાવી શકો એ સગવડ સંસ્થા દ્વારા કરવામાં આવેલ છે.

(૪) જે વ્યક્તિઓ tata Memo Hosp ના test રિપોર્ટ હજી સુધી ન લઈ ગયા હોય તેઓને, Tata Hospનું Yellow card બતાવીને ડૉ.અક્ષય સેવકના clinicમાંથી Geeta Bldg "B" 2nd floor પર સાંજના ૫ થી ૭ માં રિપોર્ટ અને રૂા. ૧૦૦નું રિફંડ લઈ જવા વિનંતી છે. જેમણે રિપોર્ટ બાબતે ડૉ.અક્ષય સેવકને રૂબરૂ મળવુ હોય તેઓ તેમનો પહેલેથી ફોન પર સમય લઈ સાંજના ૬ થી ૭ની વચ્ચે મળી શકે છે.

શ્રી બાલા.મેડિ.સેન્ટર આપ સૌ જ્ઞાતિજનોના સહકાર માટે ખૂબજ આભાર માને છે અને આશા રાખીએ છીએ કે ભવિષ્યમાં સંસ્થા દ્વારા આયોજિત કેમ્પમાં પણ આપ સૌનો આવો સહકાર પ્રાપ્ત થશે.

***-કિન્નરી સેવક***
***(Hon.Med Admn.)***

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

***- તંત્રી નિખિલ પરીખ - મંત્રી મંજુલ ધારીઆ***

# ANNOUCEMENT FOR MEDICOS OF BALASINOR MEDICAL ASSOCIATION

The First Inaugral Get Together of **Balasinor Medical Association** Members will be held on sunday 21st June 2009 At Golden Wheel Restaurant From 11.30 Onwards. This will be followed by Lunch.

All Those Medicos Who Have Registered As Members Are Required to Attend The Get Together. Till Today Approximately 30 Medicos have registered.

Those Who have still not joined are Requested to Join for which Contact the Following members.

Dr. Akshay D. Sevak - 982121244
Dr. Rajesh Parikh - 9820199801
Kinnari Sevak - 9821789659

Members Ship Fees is

1. Rs. 1000/- For Practising MBBS, Md/Ms Doctors and Dentist
2. Rs. 500/- for Paramedicos and other Specialities.

Membership form will also be available during get together. ***- Kinnari Sevak***

---

## 'પ્રેમ'

પ્રેમનું પ્રગટ સ્વરૂપ એટલે પરમાત્મા
પ્રેમમાં ખેચાણ હોય, ખેચતાણ નહીં.
હેતુ વિનાનું હેત, એનું નામ પ્રેમ
પ્રેમ સમર્પણ છે, સોદો નહીં.,
ત્યાગીને તૃપ્તિ અનુભવે તે પ્રેમ
શુધ્ધ પ્રેમ એ વિશુદ્ધ પુણ્યની જનેતા છે.
પ્રેમ ને કદીયે પાનખર નડતી નથી
માના ખોળામાં શાશ્વત પ્રેમ હોય છે
પ્રેમ એવો હોય છે જેની કોઈ ઉપમા નથી

*શીરીષ જ પરીખ.*

# ગ્રામ સેવા સમાજ, બાસાલિનોર

ઉપરોક્ત સંસ્થા દ્વારા શ્રી કાંતિલાલ પબ્લીક પાર્કનું સંચાલન કરવામાં આવે છે. સંસ્થા દ્વારા કરવામાં આવેલી અપીલના જવાબમાં ૨૦૦૪-૦૫ થી ૨૦૦૬-૦૭ના વર્ષોમાં નિભાવ અને વિકાસ માટે તથા બાંકડા માટે રૂા. ૩,૫૩,૦૦૦ પ્રાપ્ત થયેલ છે. સહુ દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે. હોળીના, ફગવાના તેમજ દિવાળીના પર્વ નિમિત્તે જે કોઈ ભાઈ-બહેનોએ પાર્કની મુલાકાત લીધી હશે તેઓએ વિકાસની નોંધ લીધી હશે.

હાલમાં મોંઘવારી, પગાર, નિભાવ અને વિકાસ માટે ફરીથી ૪-૫- વર્ષ બાદ રૂા. ૩ લાખની ટહેલ નાખીએ છીએ. અગાઉના વર્ષોમાં જે ભાઈ-બહેનોએ સહકાર આપ્યો હતો, તેઓને તથા અન્ય સહુને આ ઉમદા કાર્ય માટે ફાળો નોંધાવવા / આપવા વિનંતી કરીએ છીએ. મોંઘવારીના કારણે પગારો અને અન્ય ખર્ચ માટે દાનની જરૂર છે. ડોનેશન માટે યુનિટ રૂા. ૫૦૦/-થી રૂા.૫૦૦૦/- સુધી અગર વધુ રકમ ૫૦૦/- ના ગુણાંકમાં આપ નોંધાવી / આપી શકો છો.

*લી. રજનીભાઈ ઓ.શાહ*
*(ઠાસરાવાળા)*
***મંત્રીશ્રી***

**નોંધ :- ફાળો નોંધાવવા / આપવા માટે નીચેના ભાઈઓનો સંપર્ક સાધવા વિનંતી**

(૧) શ્રી રસિકભાઈ મોદી (દેવ)
(૨) શ્રી મોહનભાઈ પરીખ (લાય)
(૩) શ્રી વસંતભાઈ પરીખ
(૪) શ્રી રજનીકાંત કડકીઆ (લટકારી)
(૫) શ્રી રસિકભાઈ કડકીયા ( આર.આર.)
(૬) શ્રી પ્રવિણભાઈ દેસાઈ (દેડકી)
(૭) શ્રી વ્રજેશ દેસાઈ
(૮) શ્રી કીર્તિભાઈ કડકીઆ (લટકારી)
(૯) શ્રી રજનીભાઈ શાહ (બાલાસિનોર)
(૧૦) શ્રી મણિકાંતભાઈ કડકીઆ (બાલાસિનોર)
(૧૧) શ્રી કીર્તનભાઈ પારેખ (બાલાસિનોર)

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

ઉપનગર વિભાગમાંથી જે કોઈ ભાઈ બહેનના મેડીકલ ચેકઅપ થઈ ગયા હોય અને કોઈ કારણસર રીપોર્ટ કલેકટ ન કર્યા હોય અથવા ભરેલા રૂા. ૨૦૦/- પરત ન લીધા હોય તેઓ મહેરબાની કરી નીચે જણાવેલ સરનામે થી રીપોર્ટ તથા રીફંડની રકમ લઈ લેવા વિનંતી. નીચે જણાવેલ મોબાઈલ તથા ફોન પર સંપર્ક કરી જવું.

શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ : સી- ૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (પશ્ચીમ) મુંબઈ - ૪૦૦૦૯૨, ટે.ન. - ૨૮૦૫૦૭૩૫, મોબાઈલ : ૯૮૨૦૦૧૧૫૮૬

### વસ્તિપત્રક વેબસાઈટ અંગે માહિતી

વસ્તીપત્રકની ડમી જોવા માટે અને કરેકશન કરવા માટે આપણી સાઈટ www.balasinor.org ખોલવી અને એના હોમ પેજ ઉપર જઈને આપણી ડમી બુક ખુલશે અને એના ઉપર ક્લીક કરીને એન્ટર મારશો એટલે તમારી વિગતો અટક સાથે ખુલશે, અને સુધાવધારા કરવા આપેલ ફોમ ભરીને મેલ કરવું. - ***સંયોજક જાસમીન શેઠ***



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગનો આગામી કાર્યક્રમ તારીખ : ૧૦-૭-૦૯ને શુક્રવારના દિવસે રાખવામાં આવ્યો છે.

સ્થળ : મોરારબાગ

સમયઃ બપોરે ૩ કલાકે

ઈન્ડોર ગેમ્સનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેના પાસ સંસ્થાની ઓફિસેથી બુધવાર તા. ૧-૭-૦૯ના દિવસે બપોરે ૩ થી ૪ ની વચ્ચે આપવામાં આવશે. ભરવાના રૂા. ૨૦ રહેશે. તેઓ કાર્યક્રમમાં આપ સૌ બહેનો હાજર રહી પ્રોગ્રામને સફળ બનાવવામાં મદદ રૂપ થશો.

✤ ✤ ✤

મહિલા વિભાગનો આગામી કાર્યક્રમ ઓગસ્ટ મહિનામાં તા. ૮-૮-૦૯ને શનિવારના દિવસે 'નંદ મહોત્સવ' રાખવામાં આવ્યો છે. નંદ મહોત્સવમાં ગરબા, રાસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જે બહેનોએ ભાગ લેવો હોય તેઓ પોતાના નામ કોઈપણ કમિટિ બહેનોને આપી શકે છે. અને દરેક ગ્રુપ ૮-૧૦ બહેનોનું રહેશે. જેની વધુ વિગતો આવતા અંકમાં જણાવશું.

***- નિલમ પરીખ-સંયોજક મહિલા વિભાગ***

***મંત્રી- મંજુલ ધારીઆ***

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ ખોટ પુરવણી યોજના

ઉપરોક્ત યોજનાની જાહેરાતના અનુસંધાનમાં વાર્ષિક રૂા.૧૦,૦૦૦/-ના એક એવા ૧૨ યુનીટ જાહેરાતના પ્રથમ અઠવાડિયામાં જ પ્રાપ્ત થયા છે અને અમને આશા છે કે ટૂંક સમયમાંજ અમારી જરૂરિયાત મુજબ બાકી રહેલા યુનીટ મેળવી શકીશું.

આ યોજના હેઠળ પ્રાપ્ત થયેલ યુનીટના સખાવતી દાતાઓની સંપૂર્ણ નામાવલી દાતાઓની ઈચ્છાનુસાર ઓગસ્ટ/સપ્ટેબર ૨૦૦૯ના જ્યોતિપુંજના અંકમાં જાહેર કરવામાં આવશે. તેમ જ મંડળના વાર્ષિક અહેવાલમાં દર વર્ષે આ યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

મંડળની કારોબારી સમિતિના સભ્યો દાતાઓનો હાર્દિક આભાર માને છે.

*- કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)*
*શરદ નટવરલાલ દેસાઈ માનદ્ મંત્રી*

## બાલાસિનોરમાં વિદાય સમારંભ

બાલાસિનોરની જે.વ.દેસાઈ ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ-૭ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ શાળા સમિતિના મંત્રી રમણભાઈ કે. પટેલ પ્રમુખસ્થાને રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં વિદાય લેતાં ધો.૭ના વિદ્યાર્થી ભાવેશ પરમાર અને વિદ્યાર્થીની જીનલ ત્રિવેદીએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. વર્ગશિક્ષક ઈલેશભાઈ પટેલે સૌ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં ઈન્ટરમિડિયેટ અને એલીમેન્ટ્રી ચિત્રની પરીક્ષાના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ધોરણ પાંચની શિષ્યવૃત્તિના પ્રમાણપત્રો પણ આપવામાં આવ્યા હતા. આચાર્ય દિપકભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

## મન ની વાણી

જીવનની દરેક ક્ષણને ખુશીયોથી ભરી શકીયે તે આપણા વશની વાત ન પણ હોય પરંતુ જીવનમાં મલતી નાની મોટી ખુશીના અવસરનો પૂરેપૂરો આનંદ મેળવીયે તે તો આપણા હાથની વાત છેજ. જીવનની તે અમૂલ્ય ક્ષણોને યાદગાર બનાવો.

આ જમાનામાં ભાગ્યેજ કોઈ એવા ભાગ્યશાળી લોકો મલશે જેમને કોઈ જાતનું દુઃખ કે ચિંતા ન હોય. તો શું તે બધા દુઃખી અને ચિંતીત લોકો રડતાજ રહે છે ? ના એવું નથી. પોતાની ચિંતા અને દુખના ભાવ ચેહરા થી પ્રકટ ન થાય તે રીતે જીવવું એક પ્રશંનીય કલા છે. તે કલા શીખવા માટે કોઈ સ્કૂલ કે કોલેજ નથી. તે કલા તો જાતેજ શીખવી પડે.

મારો એક જુનો મિત્ર ઘણા સમય બાદ મને મલ્યો ત્યારે સ્વાભાવિક રીતે તેને મારા હાલચાલ જાણવાની ઈચ્છા થઈ. ત્યારે મેં તેને જવાબ આપ્યો.

*'જબ પૂછતા હૈ કોઈ હાલેદિલ તો કહ દેતા હૂં અચ્છા હૈ.*
*લેકિન યહ બાતેં રાઝકી હૈં, તુમ મત પૂછો તો અચ્છાહૈ'.*

-બી.એસ.ગાંધી (કાનપુર)

# સંસ્થા સમાચાર

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ની કાર્યવાહક સમિતિની ૧૧મી બેઠક તા. ૨૬-૫-૨૦૦૯ના રોજ મંગળવારે સાંજે ૭-૧૫ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ ખાતે મળી હતી.

સંસ્થાના પ્રમુખશ્રી પ્રદીપભાઈ કડકીઆના નેજા હેઠળ નીચે મુજબના મુદાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી ભાવેશ મોદી એ સંસ્થાની ૧૦મી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો અને તે સર્વાનુમતે પસાર કરાયો હતો.

વસ્તી પત્રકના સંયોજક શ્રી જાસમીન શેઠ એ જણાવેલું કે આશરે ૩૦૦ ફોર્મ બાકી છે તે વહેલી તકે ભરી લેવા વીનંતી. રજી ડમી ૩૦-૬-૨૦૦૯ના રોજ મુકાશે.

મંહીલા વીભાગના સંયોજક શ્રીમતી નીલમ પરીખ એ જણાવેલું કે તેમનો મ્યુસીકલ હાઉઝી પ્રોગ્રામ તા. ૫મી જુન એ મોરારબાગ ખાતે યોજાશે.

નોટ બુક સમિતિના સંયોજક શ્રી દીક્ષીત પરીખ એ જણાવેલું કે નોટ બુકનું વીતરણ તા. ૭મી જુન ૨૦૦૯ થી શરૂ થશે.

કુલ ૫ નવી આજીવન સભ્યપદની અરજીઓ આવી હતી તથા કુલ ૫ લીવ અરજીઓ આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામા આવી હતી.

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

***મંત્રી - મંજુલ શૈલેશ ધારીઆ***
***સહમંત્રી - ભાવેશ બીપીન મોદી.***

**Dr. Neha Purvesh Shah**
**M.S. (ENT), DMB, F.C.P.S.**
**Consulting E.N.T.Surgeon**

**Neha Purvesh Shah (Daughter of late Kiritkumar Manilal Kadakia (Batla) has opened her Clinic at Chowpatty Medical Centre - Babulnath Road (Near Babulnath Temple) She is E.N.T. Surgeon** નાક, કાન, ગળાનાં સર્જન ડૉકટર તેઓ લંડનથી બહોળો અનુભવ પ્રાપ્તકરી મુંબઈ સ્થિર થયેલ છે.

Clinic

**Dr. Neha Shah**
**MS (ENT) DNB, FCPS**

Chowpatty Medical Centre, 3 Baig Mansion, Babulnath Road, Mumbai - 400007
**Ph. :** 23620826 / 23682264, **Mobile :** 9820803214 **Time :** Mon to Sat 9 to 11 a.m.
**Email :** drnehashah@hotmail.com

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

**૧. અજય મુળજીભાઈ ધારીઆ (દાઉદીયા)**
બી ૬૦૫, ત્રિગુણ સોસાયટી, મરાઠા બેંકની સામે.
એકસર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૧
ફોન : ૨૮૯૩૮૫૧૬
મો. : ૯૯૬૯૪૭૪૯૬૦/૯૮૬૯૯૦૧૯૩૧

2. Chandra Vyomesh Parikh (Bakhali)
Devang / Jay Vyomesh Parikh, 1510, 15th Floor,
Shreepati Castel Opp Bank of Baroda, Khetwadi
11th Main Road, Mumbai - 400004
Ph. : 23861243

3. Gandhi Charu Kirankumar (Paka)
Gandhi Viral Kirankumar
Opp. Minerva Cinema, 167, Dr. D.B.Marg
Grant Road, Mumbai - 40000, Ph. : 23002101
Mob : 98679-66042 / 98921-44899

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| કડકીઆ નવીનચંદ્ર છોટાલાલ | ૭૩ |
| મોદી પ્રકાશ મણીલાલ (ચેપ) | ૫૮ |
| પરીખ હીરાલાલ મણિલાલ (ડાબલી) | ૭૫ |
| દેસાઈ કીરતનલાલ સાંકરલાલ (દેડકી) | ૯૬ |
| મોદી જતીનકુમાર મણિલાલ (ચોધરી) | ૬૧ |

## તેજસ્વી તારલા

૧) **મુક્તિ નીલેષ શાહ (નગરશેઠ) એ** M.B.B.S. Part II ની પરીક્ષામાં ૬૬ટકા પ્રાપ્ત કરેલ છે. તેથી તેમને સંસ્થાવતિ અભિંદન.

(૨) **મહેતા ફીઓના સંજય** એ H.S.C ની પરીક્ષામાં ૮૬.૭ % પ્રાપ્ત કરેલ છે. તેથી તેમને સંસ્થાવતિ અભિનંદન.

(૩) **ઈશિતા સમીર ધારીઆ** I.C.S.E. Std.X પરીક્ષામાં ૯૧.૩ % પ્રાપ્ત કરેલ છે. તેથી તેમને સંસ્થાવતિ અભિનંદન

## ચક્ષુ દાન કરેલ છે



**શ્રી નવીનચંદ્ર છોટાલાલ કડકીયા**
**ઉ.વર્ષ ૭૩ સ્વ.તા. ૫-૫-૨૦૦૯**

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતુ હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે પ્રગતિ સમાજની ઓફિસમાં સોમ થી શનિ ૪ થી ૬ દરમ્યાન કિર્તી હીરાલાલ કડકીઆ અથવા સમીર જયેન્દ્ર ગાંધી- નિકોશી ટ્રેડીંગ કાં., ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ-૨. ફોન : ૨૨૦૬૦૨૯૪ /૨૨૦૩૮૦૭૭ Email.nikoshi@vsnl.com ને મોકલવાનું રહેશે આ સિવાય કોઈ પણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી. ***સંયોજક - સમીર ગાંધી, મંત્રી- મંજુલ ધારીઆ***

Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 011
JYOTI PUNJ Regd.No.MH/MR/South-189/2009-11
Jun - 2009
Registered Newspaper of India No. - B/7649

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## નોટબુક રાહત યોજના

ગત વર્ષની મુજબ ચાલુ વર્ષે પણ આપ સૌની જરૂરિયાત ધ્યાનમાં રાખી બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ રાખવામાં આવેલ છે.

**કોલેજ (લોંગબુક) ૧૯૨ પેજ એક ડઝનના રૂા. ૯૦/- જમ્બો નોટબુક મોટી સાઈઝ ૧૮૮ પેજ રૂા. ૬૦/-**

**આ વેચાણ તા. ૭.૬.૨૦૦૯ રવિવારથી ચાલુ કરવામાં આવશે.**

**શહેર વિભાગ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**સમય** : સોમવાર થી શનિવાર સાંજે ૭ થી ૮, રવિવારે સવારે ૧૦ થી ૧૨.૦૦

**પરા વિભાગ :**

૧) શાહ હેમેન્દ્ર રમણલાલ (ચકવા) : સી - ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ)
સમય - રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

૨) પરીખ હીરાલાલ મણીલાલ (ડાબલી) : ૨૪/એ, કૈલાસ નગર, શંકરગલી, કાંદીવલી (વેસ્ટ)
સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

૩) દોશી અજય પ્રવીણચંદ્ર : ડી/૧૨ નવશીલ્પવાની, લલ્લુભાઈ પાર્ક રોડ એક્ષ્ટે. ૧, અંધેરી (વેસ્ટ), મુબઈ- ૫૮
સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

***નોંધ :*** ચાલુ વર્ષે આપેલી પરીક્ષાની પરીણામની નકલ સાથે લાવવી જરૂરી છે. વહેલો તે પહેલોના ધોરણે નોટબુક આપવામાં આવશે.

***મંત્રી - મંજુલ ધારીયા, સંયોજક : દીક્ષીત પરીખ***

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
## નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો **તા. ૧.૬.૨૦૦૯ થી ૧૪.૬.૨૦૦૯** સુધી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગત સાથે આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

***નોંધ :*** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૧૪.૬.૨૦૦૯ ના રવિવારે સંસ્થાની ઓફિસમાં કરવામાં આવશે.

ચાલુ વર્ષે આપેલી પરીક્ષાના પરિણામની નકલ અરજીપત્રક સાથે આપવાની રહેશે.

***મંત્રી - મંજુલ ધારીયા, સંયોજક : દીક્ષીત પરીખ***